વેદ વિના મતી નહી | શ્રી કૃષ્ણશરણંમમ્ | ગાય વિના ગતિ નહી

ગૌ કૃષી ગ્રામ સંવર્ધન

ગાય આધારીત ખેતી

જળ રક્ષાપ્રકૃતિ નિર્માણ
પંચગવ્ય સ્વાસ્થય નિર્માણ

ગૌરક્ષા સંસ્કૃતિ નિર્માણ
ગૌ સંવર્ધન સંજીવીવેતી નિર્માણ

ગૌ કૃષી ગ્રામ સંવર્ધન

લાલજીભાઈ કે. સાવલીયા
(બાદડાવાળા)
મો. ૯૪૩૮૦ ૦૦૦૬૬
૦૨૬૧-૨૫૬૮૭૧૯

સંપર્ક સુત્ર

નામ :- ચંદુભાઈ એલ. બારૈયા
મો. ૯૭૨૩૪ ૮૨૬૫૯
ગામ :- પીપરલા, તા. તળાજા,
જી.ભાવનગર

ભોજલ ભગવતી સેવા ટ્રસ્ટ

જયુભાઈ મો. ૯૯૯૬૬ ૧૫૭૪૨
ગામ :- અમૃતવેલ,
તા. સા.કુંડલા
જી. અમરેલી

ગાય આધારીત શેરડી

એક એકર ખેતીમાં ઉંડી એક ફૂટ ખેતી કરવી. તેમાં 3 ટન ખાતર છાણીયુ ભરવુ, માટીને કલોવવી. 3-3 ફુટના વેળે સાહ પાડવા. લીમડાનું તેલ ૧ લી., ગૌમુત્ર ૨૫ થી ૩૦ લીટર, ૩૦ દિવસ ની ખાટી છાસ ૨૫ લીટર, આ બધાનું મિશ્રણ કરી સાહ ઉપર છાંટવુ.

શેરડી બિયારણનો પટ : ૫૦ લીટર ખાટી છાસ માં બિયારણને તરફ બહાર કાઢી સોંપણી કરવી. ત્યારબાદ પહેલી વખત પાણી આપતી વખતે જીવાઅમૃત આપવું.

❖ જીવામૃત બનાવવાની રીત ❖

ગાયનું તાજુ છાણ	૧૫ કિલો
ગૌમુત્ર	૧૦ લિટર
કોઈ પણ કઠોળનો લોટ	૨ કિલો
દેશી ગોળ	૨ કિલો
વડ અથવા તળાવની માટી	૫૦૦ ગ્રામ
બાજરાનો લોટ	૧ કિલો
લસણના ફોફા	૧ મુઠી

જીવામૃત બનાવવાની રીત માટે ૨૦૦ લીટર પાણીમાં આ બધુ મિશ્રણ કરી ઘડીયાળ ના કાંટા ની દીશામાં હલાવવું. દિવસમાં ત્રણવાર આ પાંચ દિવસ હલાવવુ છઠ્ઠે દિવસે પાણી સાથે આપી દેવું. દર પંદર દિવસે જીવામૃત આપવું. જયારે શેરડી ૪૦ દિવસની થાય ત્યારબાદ ૧૦ લિટર ગૌમુત્ર, ખાટી છાસ ૧૫ લિટર આ બંને દર મહિને આપવું.

❖ ૫૦ દિવસ બાદ તેમા, લિમડાના પાન ૨ કિલો
આંકડાના પાન ૫ કિલો

તે બંને વાટીને આઠ દિવસ ૨૦૦ લિટર પાણીમાં સડવા દેવું અને નવ થી દસ માં દિવસે પાણી સાથે આપી દેવુ અને આ દર ૨૦ દિવસે આપવું.

❖ ૯૦ દિવસે પછી પંચગવ્ય આપવું. ❖

પંચગવ્ય બનાવવાની રીત

ગાયનું તાજુ ગોરબ	૫ કિલો	ગાયનું ઘી	૫૦૦ ગ્રામ
ગાયનું દુધ	૨ લિટર	ગાયનું દહિં	૨ કિલો
ગૌમુત્ર	૩ લિટર	કેળા પાકલ	૧૫ નંગ
શ્રી ફળનું પાણી	૪ લિટર	શેરડીનો રસ	૪ લિટર



બનાવવાની રીત : ગાયના ગોબરમાં પેલા ઘી નાખીને ૧૦ મિનિટ સુધી મસળવું, ત્યારબાદ ગોબર અને ઘી ની અંદર પાકલ કેળા નાખવા ૧૦-૧૫ મિનિટ સુધી મસળવુ. પછી તેમા દહિં નાખવું, પાંચ મિનિટ મસળવું પછી દુધ,શેરડી,ગૌમુત્ર,શ્રીફળનું પાણી, આ બધુ મિશ્રણ કરી ૧૦ મિનિટ હલાવવુ તેને ૧૦૦ લિટર પાણીમાં નાખવું. ૧૧ દિવસ બાદ પાણી સાથે આપવુ, છ મહિના બાદ ફરીથી આ પંચગવ્ય આપવુ.

❖ કૃમિ આવે તો અથવા સુકારો આવે તો ❖

૧૧ લિટર ખાટી છાશ ની આશ (પરાશ)
બાજરાનો લોટ – ૧ કિલો
અરણીના પાન –૧ કિલો (વાટેલા પાાન)

આ બધુ માટલામાં મિશ્રણ કરી માટલા નુ મોઢુ કાગળ થી પેક કરી ગરમ ઉકરડામાં છ દિવસ દાંટી દેવાનુ અને સાતમા દિવસે કાઢી લેવુ ૧ વિઘા માં એક થી દોઢ લિટર કાઢી લેવુ. ૧ વિઘા માં એક થી દોઢ લિટર આપવું. દર મહિને એક વાર આપવું.

❖ પાયનું ખાતર ❖

શીંગ નું ખાતર ગાય અથવા બળદ નું શીંગ (શીંગડુ) તેના શીંગનુ ખાતર
બનાવવાની રીત :– તાજુ ગાયનું છાણ ૫૦%
કોઈપણ કઠોળના લોટ ૫૦ %

બંને મિશ્રણ કરવું અને પંદર મિનિટ મસળવું તેમા ગૌમુત્ર ઉમેરી સહેજ ઢીલુ કરી મસળવુ વડ ની નીચેની માટી અથવા તળાવ ની માટી એક શીંગ ની અંદર ૫૦ ગ્રામ માટી, કેસુડો અથવા ગલગોટા નું એક ફુલ આ બધુ મીક્સ કરી શીંગમા ભરી દેવુ પછી શીંગ નું મોઢુ કપડાથી બાંધી દેવ, પછી ભેજવાળી જગ્યાએ તેને બે ફુટ ઉંડો ખાડો કરી દાંટી દેવુ, શીંગની અણી ઉપર રાખવી. આઠ મહિના બાદ તેને બહાર કાઢવું. આ ખાતર પછી કાચની બરણી માં ભરવુ અને છાંપરે છાયા માં રાખવું.

❖ બનાવવાની રીત ❖

૧૦ ગ્લાસ પાણીમાં ૫૦ ગ્રામ શીંગનું ખાતર લેવુ તેને ૧૫-૨૦ મિનિટ બંને દિશામા હલાવવુ જયારે માટી ભેજવાળી હોય ત્યારે સવારે અથવા તો સાંજે પંપમાં છાંટવુ અથવા તો પાણી સાથે આપવું. દર છ મહિને આપવું. ઉપરની મુજબ કરવાથી ૧૦૦% પરિણામ લાવી શકાય છે. તેનાંથી શેરડી ની કાંતળી ૨૭ થી ૨૮ કાતળી થાય છે. અને જાડી પણ થાય છે, ગાળો પણ આવતો નથી, શેરડી કુદરતી અને સારી ગુણવતા વાળી અને ૧૦૦% પરિણામ લીધેલ છે.

ગાય આધારીત મુંગફળી / શીંગ

૫ ટન છાણીયુ ખાતર – ૨૦ વિઘામાં

ખાટી છાસ – ૨૦ લિટર (૩૦ થી ૪૦ દિવસની)
ગૌમુત્ર – ૨૦ લિટર
લીમડા નું તેલ – ૧ કિલો આ બધુ ખેતી કરી ઉપર

શીંગ જાણાનો પટ : ખાટી છાસમાં બોળી તરત બહાર કાઢી લેવી અને ગાયના અડાયા છાણાની રાખામા પટ લેવો તે ઘણા બે કલાક સુકાવવા દેવા અને પછી વાવવા. જયારે શીંગ વાવીયા બાદ પીળા ફુલ ઉગડે ત્યારે ૨૦૦ ગ્રામ હીરાકણી ખાટી છાસ ૧.૫ લિટર, ગૌમુત્ર ૧.૫ લિટર,એક પંપમાં નાખી છટકાવ કરવો અને બીજુ પાણી ઉમેરવુ. ૨૫ વિઘામાં ૧૦ પંપ છાંટવા આ છટકાવ દર અઠવાડીયે કરવો. ૮-૮ દિવસે ને વેળે ત્રણ છટકાવ કરવો અને ૧૫ દિવસે જીવામૃત આપવું. ૧૫-૧૫ દિવસે જીવામૃત આપવું અને તેનો પાણી સાથે છ વાર પાવું

જીવામૃત આકડો -૩ કિલો, લીમડો – ૩ કિલો **વાંટીને**

આ બંને મિશ્રણ કરી છ દિવસે સડવા દેવુ અને ૧૫ દિવસે પાવું. જયારે મગફળી માં ઈયળ આવે ત્યારે ગૌમુત્ર ૧૦ લિટર, તમાકુ ૧ કિલો, તીખા મરચા ૨ કિલો, લસણ ૫૦૦ ગ્રામ, લીમડાના પાન ૩ કિલો, હીંગ ૫૦ ગ્રામ. આ બધુ સાંજે મિશ્રણ કરી ગૈમુત્ર માં નાખી ઉકાળો કરીને સવારે છાંટવુ. ૧ પંપમાં ૧ લિટર અને ૧૫ લિટર પાણી સાથે છાંટવાથી ઈયળ મૃત્યુ પામે છે.

ગાય આધારીત બાજરો / બાજરી

એક એકરમાં હળવી ખેતી કરવી. તમાં ૫૦ ગ્રામ શીંગનું ખાતર આપવું. જયારે માટી ભેજવાળી હોય ત્યારે જ આ શીંગનુ ખાતર આપવું. ૧૦ ગ્લાસ પાણી એક બાલટીમાં લેવુ અને તેની અંદર શીંગનું ખાતર ૫૦ ગ્રામ નાખી તેને બંને દિશામાં હલાવવુ અને ૧૦-૧૫ મિનિટ હલાવવુ અને એક પંપ માં એક ગ્લાસ નાખી બાકીનું પાણી ઉમેરી જમીન પર છાંટવું અને મોટો તેજવાળી બાકીનું હોય ત્યારે છાંટવું ત્યારબાદ બાજરો વાવવો. દર ૧૫ દિવસે જીવામૃત આપવું.

ખાટી છાસ – ૮ લીટર
ગૌ મુત્ર – ૬ લીટર

બંને મીક્સ કરી દર ૧૫ થી ૨૦ દિવસે આપવું. આ રીતે કરવાથી બાજરો ગુણવતાવાળો બને છે. અને ઉત્પાદન સારૂ લઈ શકાય છે. આમ ઝેર મુકત અનાજ લઈ શકાય છે.

ગાય આધારીત રજકો

એક એકરમાં ૬ ઈંચ ઉંડી ખેડ કરવી. ત્યારબાદ જમીન ને લોડર મારી જમીનને ત્યાર કરવી. ત્યાર બાદ રજકો છાંટવો અને રજકો ઉપરનો પટ દેવો અને તે જમીન માં ૪ ટન ખાતર નાખવુ પછી છાંટવો

❖ રજકાનો પટ ❖

ખાટી છાસ ૫ લિટર તેમાં ગૌમુત્ર ૧ લિટર નાખી મીશ્રણ કરી રજકો તેમા બોળી દેવો. તેને ૧૦-૧૫ મીનીટ પલાળી તેને બહાર કાઢી છાયડે સુખવવો તેને ૧ કલાક સુધી સુકવીને છાંટવો તેનો પાયામાં ૫૦ ગ્રામ શીંગ ખાતર (શીંગડુ)પાણી સાથે આપવું. ત્યારબાદ જીવામૃત આપવુ દર પંદર દિવસે આપવું. ખાટી છાસ ૬ લીટર ગૌમુત્ર ૬ લીટર બંને મીશ્રણ કરી દર ૧૫ દિવસે આપવું.

❖ જયારે રજકામાં ગળો, મોલો, મચ્છી આવે ત્યારે ❖

ગૌ મુત્ર – ૧૦ લીટર

તમાકુ – ૧ કિલો

તીખા લીલામરચા – ૧ કિલો (વાટેલા કુલ તીખા)

કુવારપાઠુ – ૧ કિલો (વાટેલો)

હીગ – ૫૦ ગ્રામ

કાટાળો અથવા ડીંટલીયા થોર – ૨ કિલો વાટેલા

લીમડાના પાન – ૨ કિલો

❖ બનાવવાની રીત ❖

ગૌમુત્ર તમાકુ નાખી ત્રણ હુંફાળો આવે ત્યાં સુધી ગરમ કરવું ત્યારબાદ નીચે ઉતારી ઉપરની બધીજ વસ્તુ ઉમેરી દેવુ. ૧૨ કલાક સુધી રાખવું તેને દિવસમાં બે વખત હલાવવું. ૧ પંપમાં ૧ લીટર નાખી છંટકાવ કરવો. તેમાંથી મોલો મચ્છી, ઈયળ મચ્છી, બધું નાબુદ થાય છે. ત્રણ-ત્રણ મહિના ને વેળે શીંગ (શીંગડુ) નું ખાતર આપવું. આ રીતે કરવાથી રચકો લીલોછમ તાજો અને તંદુરસ્તી રહે છે. ઉપરાંત તેનો આયુષ્ય લાંબુ થાય છે. ૨૦૦ લીટર પાણીમાં 3 થી ૪ કિલો ડીટલ્યો અથવા તો કાંટલ્યો થોર વાટેલો ૨૦૦ લીટર પાણીમાં નાખી ૧૨ કલાક સડવા દઈ પંપમાં ભરી ને આપવાથી મોલો મચ્છી કે કોઈ અન્ય પણ પ્રકારના રોગ આવતા નથી. આમ રજકો લીલોછમ ઉભો રહે છે.

ગાય આધારીત કેળ /ટીસ્યુકલ્ચર

સૌ પ્રથમ એક એકર જમીનમાં ૫ ટન છાણીયુ ખાતર નાખવુ અને પછી ઉંડી દોટ ફુટ ખેડ કરવી પછી લોટર (કટર) ચલાવવુ ત્યારબાદ એક એકર માં વડ નીચેની માટી ૧૦ મણ પાથરવી ત્યારબાદ નદીમાનો કાપ ૧ ટન પાથરવો પછી ફરીથી લોડર ચલાવવી. જમીનને એકદમ મુલાયમ બનાવવી અને પછી ૫×૫ ફુટના અંતરે સાહ પાડવા. ત્યારબાદ કેળનુ વાવેતર કરવું, કેળની પહેલી વાર પાણી પાતી વખતે શીંગ નુ ખાતર આપવું.

❖ શીંગ (ખાતર) બનાવવાની રીત ❖

બળદ અથવા તો ગાયનું શીંગડુ લઈ શકાય છે તેમા
ગાયનું છાણ – ૫૦%
કોઈ પણ કઠોળનો લોટ ૫૦%(ચણા,ચોળી,વગેરે)
ગૌમુત્ર – થોડુક
વડની નીચેની માટી ૫૦ ગ્રામ

આ બધુ મિશ્રણ કરી શીંગમાં ભરી દેવુ અને મોટુ કાપડથી ફીટ બાંધી દેવુ અને આ શીંગ ભેજવાળી જગ્યાએ દાંટવુ અને ૮ મહિના સુધી દાંટવુ ત્યારબાદ તેને બહાર કાઢી કાચની બરણી માં તે ખાતર રાખવુ. આ ખાતર છાયડે રાખવુ. દર ૬૦ દિવસે ૧૦૦ ગ્રામ ખાતર પાણી સાથે આપવુ ત્યારબાદ જીવામૃત બનાવી કેળને આપવુ.

❖ જીવામૃત બનાવવાની રીત ❖

ગાયનું તાજુ છાણ –૧૫ કિલો
ગૌમુત્ર – ૧૦ લિટર
બાજરાનો લોટ – ૧ કિલો
કોઈપણ કઠોળનો લોટ – ૨ કિલો
લસણના ફોફા –૧ મુઠ્ઠી
દેશી ગોળ – ૨ કિલો
શીંગ (મુગફળી) – ૧ કિલો

તળાવની અથવા વડની નીચેની માટી ૫૦૦ ગ્રામ

આ બધુ મીશ્રણ કરી ૨૦૦ લીટર પાણી માં ઉમેરવુ અને ત્યારબાદ તેને દીવસમાં ત્રણવાર હલાવવુ અને હલાવતી વખતે ઘડીયાળની જેમ એક જ દીશામાં હલાવવુ અને ૫ દિવસ સુધી રાખી છઠ્ઠા કે સાતમા દિવસે પાણી સાથે આપવુ અને આ જીવામૃત દર ૧૫ દિવસે આપવું. ગૌમુત્ર ૫ લીટર ખાટીછાસ ૧૦ લીટર દર ૧૮ દિવસે આપવું.

કેળ રોપણી કર્યા બાદ ૩૦ દિવસે ડીટલ્યો અથવા તો કાંટાળો થોર વાટીને ૨૦૦ લીટર પાણીમાં નાખવો અને સાંજે બનાવી સવારે પાણી સાથે આપવો તેનાથી મુંડા, કૃમિનાશ, પામે છે. દર ૨૦ દિવસે ફુગનાશક દવા દેવી. ખાટી છાસ ની આશ (પરાશ) ૧૧ લીટર અરણીના પાન (વાટેલા) ૧ કિલો બાજરાનો લોટ – ૧ કિલો

આ ત્રણેય મીશ્રણ કરી માટલા માં નાખવું અને તેનુ મોઢુ કાપડથી બાંધી દેવુ અને આ માટલુ ગરમ ઉકરડા માં દાંટવુ અને ૬ દિવસ સુધી દાંટેલુ રાખવાનુ અને ૭ માં દિવસે બહાર કાઢવાનુ અને આ દવા એક એકરમા ૪ લીટર નાખવાની. દર ૨૦ દિવસે આ આપવુ અને આ દવા નો ઉપયોગ એક મહિના માં કરી લેવો ત્યારબાદ તેમાં બેક્ટરીયા નાશ પામવાની તેનો કોઈ ફાયદો થતો નથી.

આંકડો ૫ કિલો, ૮ લીલાપાન વાટેલા, આ વાટેલા પાન ૨૦૦ લીટર પાણીમાં પીછીને નાખવો. ૬ દિવસ સુધી રાખી ૭ દિવસ પાણી સાથે આપવો અને દર ૧૫-૨૦ દિવસે આપવું.

૪૦ દિવસ બાદ કેળને સાહની અંદર કુકડાની ચરક જ (ચાર) ટન સાહમાં ભરવી ત્યારબાદ ચુલાની રાખ ગાયના અડાયા છાણાની રાખ કુંભારની ઈંટોની ભઠ્ઠીની રાખ સ્મશાન ની રાખ, કેળના સાહ માં ૫૦ કિલો થી ૬૦ કિલો રાખ સાહમાં ભરવી. તેમાંથી કોઈપણ રાખ લઈ શકાય છે.

એરડી નો ખોળ-૧૦૦ કિલો,સાહ કેળમાં સાહમાં નાખવો.ત્યારબાદ કેળના પાળા કરવા. જયારે કેળના સફેદ મુળ દેખાય ત્યારે ચોખા(ભાત) ૫ કિલો લઈ ૩૦ લિટર પાણીમાં બાફવા. બાફ્યા બાદ જે પાણી નીકળે (ઓસવાણ) તેને ૨૦૦ લીટર પાણી સાથે આપવુ. તેનાથી મુળનો વિકાસ થાય છે. દર ચાર(૪) મહીને આ આપવું.

૧૫૦ દિવસે બાદ કેળને હીરાકણી-૨ કિલો,ગૌમુત્ર-૬ લીટર,તેની અંદર નાખી બંને દીશામાં લાકડી વડે ૧૦ મીનિટ હલાવવુ. જયારે હીરાકચી ઓગળી જાય ત્યારે તેમા ૧૦ લીટર ખાટી છાસ નાખવી. ૨૦૦ લીટર પાણી સાથે આ મીશ્રણ આપવું.દર વીસ દીવસના અંતરે ૩ વાર આ મીશ્રણ આપવું તેનાથી લુમ સારી આવે છે.

જયારે કેળ ૧૦૦ દીવસ ની હોય ત્યારે પંચગવ્ય આપવું.

❖ પંચગવ્ય બનાવવાની રીત ❖

ગાયનું તાજુ છાણ – ૫ કિલો

ગાયનું ઘી – ૧ કિલો

ગાયનું દુધ – ૨ લીટર

પાકલ કેળા – ૧૫ નંગ

ગાયનું દહીં – ૨ કિલો

શ્રીફળ નું પાણી – ૫ લિટર

શેરડી નો રસ – ૪ લિટર

બનાવવાની રીત :- છાણમા ૧ કિલો ઘી નાખવું અને તેને ૧૫ મીનીટ સુધી મસળવું ત્યારબાદ કેળા નાખવા તેને દસ મિનિટ સુધી મસળવું ત્યારબાદ દહીં નાખવું પછી બાકીનું બધુ નાખીને હલાવવું પછી ૧૦૦ લીટર પાણીમાં બધુ નાખી ૧૦ દિવસ સુધી એક જ દિશામા હલાવવુ અને ૧૧ માં દિવસે આપી દેવુ તેનાથી છોડ ની વૃધ્ધી અને વીકાસ થાય છે અને ગર્ભાશય સારો અને ગોણપણા સરસ રીતે બંધાય છે. કેળ લીલીછમ રહે છે. આ પંચગવ્ય ૧૮૦ થી ૧૯૦ દિવસે આપવુ.

❖ જયારે કેળને કુમળાની અંદર ઈયળ લાગે ત્યારે ❖

૧૦ લીટર ગૌમુત્ર
૧ કિલો તમાકુ
૨ કિલો તિખી લિલિ મરચી
૫ કિલો લિમડાના પાન
૨૦૦ ગ્રામ કેરોસિન

બનાવવાની રીત :- ગૌમુત્ર ગરમ કરી તમાકુ નાખવી તથા લીમડાના પાન પીછીને નાખવા ૩ થી ૪ હુંફાળા આવે ત્યાં સુધી ઉકળવા દેવુ અને નીચે ઉતારી બાકી ની બધી વસ્તુ નાખીને ૧૫ કલાક સુધી સડવા દઈ એક પંપમા ૧ લીટર નાખી છંટકાવ કરવો. આ છંટકાવ કર્યા બાદ ઈયળ ૨૪ કલાક માં મૃત્યુ પામે છે. જયારે કેળને લાભ (લુમ) આવે ત્યારે ૧૦ લીટર ગાયનું દુધ પાણી સાથે આપવું જયારે કેળનો ડોડવો પુરેપુરો ખીલિ જાય ત્યારે ગૌમુત્ર એક પંપમા ૧ લીટર અને ગાયનું દુધ ૧ લીટર નાખી લુમ ઉપર છંટકાવ કરવો.દર પંદર (૧૫) દીવસે આ છંટકાવ કરવો તેનાથી કેળુ લીલુ મોટુ અને ભરવદાર થાય છે.

૧ લીટર ગાયનું દુધ ઉકાળી ને એક પંપમા ૧૫ લીટર પાણી સાથે કેળ ઉપર છાંટવાનુ આ છંટકાવ દર ૧૫ દિવસે કરવો. ત્યારબાદ જયારે લુમ ભરતી માં આવે ત્યારે એક એકરમાં ડબો એરડી નું તેલ ૪૦૦ લીટર પાણી સાથે મીશ્રણ કરી ગ્લાસ દ્વારા એક-એક ગ્લાસ મીશ્રણ કેળને થડ પાસે નાખવાથી કેળા સારા ચમકવાળા અને ફાટતા પણ નથી.

તલ – ૧૦૦ ગ્રામ
મગ – ૧૦૦ ગ્રામ
ચણા – ૧૦૦ ગ્રામ
ચોળી – ૧૦૦ ગ્રામ
મઠ – ૧૦૦ ગ્રામ
અડદ – ૧૦૦ ગ્રામ
ઘઉં– ૧૦૦ ગ્રામ

ફો : વિઠલભાઈ વાડોદરિયા, કુખાનગર તા. ક

આ બધી વસ્તુને સાંજે એક લિટર પાણીમાં પલાળવું અને સવારે પાણી કાઢી લેવુ પછી તે બધુ કઠોળ ૩ દિવસ સુધી ભેજવાળા કોથળામાં રાખવું અને તે પુરેપુરી ફણવાય જાય પછી તેને મીક્સર માં અથવા તો પાણી સાથે પીસીને (૧૦) દસ લીટર પાણીમાં સાત દિવસ સુધી સડવા દેવુ અને ત્યારબાદ ૨૦૦ લીટર પાણીમાં નાખી ૨૪ કલાક ચડવા દઈ પાણી સાથે આપવું. આ રીત કરવાથી કેળનુ ઉત્પાદન સારૂ એવુ લઈ શકાય છે,અને લાભ નું વજન ૩૦ કિલો થી લઈને ૫૦ કિલો સુધી લઈ શકાય છે.

આમ આ ગાય આધારીત કેળ કરવાથી તેનું ઉત્પાદન સારૂ ગુણવતા સભર કેળા લઈ શકાય છે. અને આમ,કરવાથી ઉપર લખ્યા મુજબ કરવાથી કેળનો પાંચ થી છ ફાલ લઈ શકાય છે. આમ, ઝેર મુકત કેળા ખાવા અને ખવરાવવા અને બીલકુલ ખર્ચા વગર ધરતી ને ઝેરમુકત બનાવી શકાય છે.

ગાય આધારીત કપાસ

૧ ટન છાણીયુ ખાતર – ૨૫ વિઘામા સાહમાં ભરવું
૨૦ લિટર ખાટી છાસ – ૪૦ દિવસની
૨૦ લિટર ગૌ મુત્ર
૧૦ કિલો લીમડાનું તેલ સાહ ઉપર છાંટવું ને ઉકેરવા અને કપાસ ની રોપણી કરવી

❖ કપાસ રોપતી વખતે જીવામૃત આપવું ❖

જીવામૃત (દેશી ગાય)

૧ ગાયનું છાણ – ૧૫ કિલો તાજુ
ગૌમુત્ર – ૧૦ લિટર
કોઈપણ કઠોળનો લોટ – ૨ કિલો
દેશી ગોળ – ૨ કિલો
શીંગનો પાપડો – ૨ કિલો
વડ ની અથવા તળાવની માટી એક મુઠી
૩૦–૪૦ દિવસની ખાટી છાસ – ૫ લીટર
લસણના ફોફા – ૧ મુઠી

દર પંદર દિવસે આપવુ ૨૦૦ લિટર પાણીમાં આ બધુ ઉમેરી એક જ દિશામાં (ઘડીયાળની) દિશા પ્રમાણે હલાવવુ, ૨૫ થી ૩ વિઘામા આપવુ. આ જીવામૃત ને દિવસમાં ૩ વાર હલાવવુ અને ૫ (પાંચ) માં દિવસે આપવું. ટપક અથવા તો ધોરીયા માર્ગ પણ આપી શકાય છે. દર પંદર (૧૫) દિવસે પાંચ (૫) લિટર ગૌમુત્ર અને ખાટી છાસ ૧૫ લિટર આપવી.

જયારે કપાસ પંદર દિવસના થાય ત્યારે ફુગ નાશક દવા આપવી અથવા કૃષિ

❖ (ફુગ અથવા કૃષિ ની વીગત માટે) ❖

૧) ખાટી છાસ – ૧૧ લિટર
૨) લીલા અરાણી ના પાન વાટેલા – ૧ કિલો
૩) લીલા લીમડાના પાન – ૫૦૦ ગ્રામ
૪) બાજરાનો લોટ – ૧ કિલો

આ બધુ માટલામા ઉમેરી (પ્લાસટીક) કાગળ થી માટલાનુ મોઢુ બાંધી ૬ દિવસ ઉકરડા માં દાંટી દેવુ પછી ૬ દિવસે બહાર કાટી એક વાસણ માં ગાળી ઠંડી જગ્યાએ રાખવુ તેનો ઉપયોગ એક મહિનો (૩૦ દિવસ) માં કરી લેવો. ૨૫ વિઘામાં ૨૫ લિટર આપવું. આ બધુ કપાસનુ ૪૦ દિવસ આપવું. ૧૫ લિટર પાણીમાં ૫૦૦ ગ્રામ ગૌમુત્ર, ૫૦૦ ગ્રામ ખાટી છાસ,૫૦૦ ગ્રામ ફુગનાશક દવા આાપવી. તેનાથી વાયરસ,ફુકડ,જીણી જીવાત,હાનીકારક બેક્ટેરીયા,જંતુઓનો તથા ફુગનો નાશ થાય છે. કપાસને ૯૦ દિવસ પછી ૧ વિઘામાં વાટેલો આંકડો– ૧ કિલો, લીલા વાટેલા લિમડો – ૧ કિલો ભેળવીને ૬ દિવસ રાખી ૭ માં દિવસે આપવું.આંકડો દર પંદર દિવસે દેવો.

પંચગવ્ય (પાય પણ શકાય) અને છાટી પણ શકાય

ગાય નું છાણ – ૪ કિલો

ગૌમુત્ર – 3 લિટર

ગાયનું દુધ – 3 લિટર

ગાયનુ ઘી – ૧ કિલો

ગાયનું દહીં – 3 કિલો

શેરડી નો રસ – 3 લિટર

નાળીયેરીનું પાણી – ૪ લિટર

કેળા – ૧૨ નંગ

એક બેરલમાં ૧૦૦ લીટર પાણી માં આ ઉપરનુ બધુ ભેળવી દઈને પેક કરો. દિવસમાં બે વાર લાકડીની ઘડીયાળ દીશામાં હલાવો. આ બધુ રા૧ થી 3 વિઘામાં પાવુ

ફળ,ફુલ ખરતા અટકાવે, છોડ નો વિકાસ કરે, ફાલ ૫૦% થી 3 ગણો પકડે છે. ફાલમા પુષ્કળ વૃધ્ધી થાય છે,તમે ધારો તેવુ પરિણામ લાવી શકાય છે,આ અદ્‌ભુત પરિણામ છે.

પંચગવ્ય

પાણી વગરની પંચગવ્ય બનાવવામાં ઉપરના પંચગવ્ય પ્રમાણે તેમાંથી ૧૦૦ લીટર પંપમાં 3૦૦ થી ૪૦૦ ગ્રામ છાંટી શકાય છે.એક પંપમા ૧૫ લીટર પાણીમાં છાંટી શકાય છે. તેમાં આ મિશ્રણને ૨૧ દિવસ સુધિ દિવસમાં ૨ વાર એક દિશામાં હલાવવું જયારે કપાસ ૧૧૦ દિવસનો થાય ત્યારબાદ તેમાં ગાયનુ

દુધ ૫ લીટર

દેશી ગોળ ૫ કિલો

ગૌ મુત્ર ૫ લીટર

આ બધુ ૨૦૦ લીટરના બેરલમાં નાખી ૨૪ કલાક બાદ આપી શકાય છે.તેમાંથી છોડ ની વૃધ્ધી, તંદુરસ્ત છોડ અને ફાલ સારો પકડે છે.

કપાસને ઉગાડતી વખતે

૨૦૦ ફુટે ઓરસ ચોરસ એક મકાઈને ઉગાડવી તેની ઉપર જીણી જીવાત મચ્છી,લીલા કલરની ઉડતી કુદડી અનેક જીવાતો તે મકાઈ પર ઈંડા મુકે છે.તે કપાસને જીવાત આવતી નથી અને મકાઈ પર રહે છે. જેથી કપાસ સુરક્ષીત રહે છે. મકાઈ ની જેમ જેમ કપાસ સોપતી વખતે ઓરસ ચોરસ એક ગલગોટા નું ફુલ ઉગાડવાથી અનેક પ્રકારની જીવાત તે ફુલપર રહે છે અને કપાસ પર તે જીવાત આવવા દેતુ નથી, તેથી ગલગોટા પણ નાખવો.

રા૧ વિઘામાં ઉતર દક્ષિણ માં અમુક અંતરે ધજા છોડવી.લાલ અને પીળા કાપડની મીક્સ કરી ધજા બનાવવી.સુર્ય પ્રકાશ ના કિરણો આ ધજા પર પડે છે અને તેનાથી જીવાતો ધજા પર આવતી રહે છે.તે ધજાની જીવાતો તેના પર આકર્ષિત થઈ ને ત્યાજ રહે છે.

કપાસની દવા

જ્યારે કપાસ ૪૦ થી ૫૦ દિવસનો થાય ત્યાં સુધી દવાનો છંટકાવ કરવો નહી,ત્યારબાદ

એક પંપમાં,

ખાટી છાસ ૧॥ લિટર (૩૦ થી ૩૫ દિવસની)

ગૌમુત્ર ૧॥ લિટર

લીમડાનું તેલ ૫૦ ગ્રામ

આ બધાનું મિશ્રણ કરી છંટકાવ કરવો.૨॥ વિઘામાં ૫ પંપ છાંટવા

બીજો છંટાકાવ

તીખા મરચા ૧ કિલો	હિંગ ૫૦ ગ્રામ
કુવાર પાઠુ ૧ કિલો	કેરોસીન ૨૦૦ ગ્રામ
તમાકુ ૧ કિલો	ગૌમુત્ર ૧૦ લિટર

આ બધુ ૧૦ લિટર ગૌમુત્રમાં નાખી સડવા દેવુ.૨૪ કલાક સુધી અને ત્યારબાદ છંડકાવ કરવો અને ૧ પંપમાં ૧ લીટર નાખવું બે દિવસમાં વાપરી નાખવુ તેનાથી મોલો, મસ્છી, તડતડીયા વગેરે મૃત્યુ પામે છે.

તાંબેરા રોગને અટકાવવા માટે

કડવા લીમડાનું તેલ ૧૦૦ મીલી

કરંજીયાનું તેલ ૧૦૦ મીલી

ગૌમુત્ર ૧૦૦ મીલી

૧૫ લીટર પાણીમાં ભેળવી ને છંટકાવ કરવાથી તાંબેરા નો નાશ થાય છે.

કાચુ દુધ કોઈપણ પ્રકારના વાયરસ તથા અલીબ્લાઈટને કંટ્રોલ કરે છે. ૨૦૦ લીટર પાણીમાં કાચુ દુધ ભેળવી ને છંટકાવ કરવો ઘઉં,મઠ,મગ,ચણા,અડદ,ચોળા,તલ દરેકને ૧૦૦ ગ્રામ લઈને પાણીમાં પલાળીને ફણગવા ત્યારબાદ ૧૦ લીટર પાણી માં મીશ્ર કરીને પીસો અથવા છુંદા એક વાસણમાં ભરી ૧૦-૧૨ દિવસ સુધી ચડવા દો ત્યારબાદ ૨૦૦ લીટર પાણીમાં ઉમેરી ગાળી લઈને પાક પર છાંટો પાક વધે અને ફળ-ફુલ લાગે તે વખતે આ પ્રયોગ કરો આની સાથે ૧૫ લીટર પાણીમાં ૨૦૦ મીલિ અમૃત પાણીને ગાળીને ભેળવી હોવાથી ખુબ સરસ પેનિક નું કામ કરે છે.

મિલિબાગ માટે

કપાસની અંદર મિલિબાગ આવે ત્યારે,

ગૌમુત્ર ૧॥ લીટર

ખાટી છાસ ૧॥ લીટર

લીમડાનું તેલ ૫૦ ગ્રામ

આ બધુ એક પંપમાં નાખવું સાથે 3 કિલો દીંટલો અથવા કાંટાળો થોર લેવો અને પીસી નાખવો. ૨૦૦ લીટર પાણીમાં આ નાખવો સાંજે નાખી દેવો અને તેમાંથી પંપમાં ૧૫ લીટર પાણી નાખવું

આ છંટકાવ થી મીલીબાગ જતો રહે છે. આ બધા પ્રયોગ કરવાથી કપાસનો ઉતારો ૧ વિઘામાં ૫૦ થી ૬૦ મણ લઈ શકાય છે.

ગાય આધારીત ટમેટા

એક એકર જમીન માં છ ઈંચ ઉંડી ખેતી કરવી

ટમેટાના બી ને પટ આપવાની રીત :- ગાયના અડાયા, છાણા ની રાખ, ખાટી છાસ અને ગૌમુત્ર નો પટ દેવો પછી ક્યારાની અંદર બી નો પટ દેવો પછી ક્યારાની અંદર બી નો છંટકાવ કરવો.ક્યારામાં રાખ નાખવી. પાંચ કિલો છાણીયુ ખાતર ક્યારામા નાખવુ પછી ખાટી છાસ અને ગૌમુત્ર તથા જીવામૃત પાણી સાથે આપવું.

જમીન તૈયાર કરવી

ચાર ફુટ વેળે સાહ પાડવા ત્રણ ફુટ વેળે સોપવી.રોપની ફેરબદલી કરવી. ફુટ બાય ફુટનો ખાડો કરવો,ખાડામાં છાણીયુ ખાતર ભરવુ. ખાતર ૫૦૦ ગ્રામ નાખવાનુ,૧૦૦ બકરાની લીંડી, ભરવી,પછી તે ખાડો ઉપર માટી વાળી દેવી તે ખાડાની બંને કોરે ટમેટાના છોડ ની રોપણી કરવી. પહેલી વખત પાણી આપતી વખતે શીંગ નું ખાતર આપવું અને દર પંદર દિવસે જીવામૃત આપવુ અને શીંગ ખાતર દર બે મહિને આપવું એક એકરમાં શીંગનું ખાતર ૫૦ ગ્રામ આપવું.

જીવાઅમૃત બનાવવાની રીત

ગાયનું છાણ – ૧૫ કિલો
ગૌમુત્ર – ૧૦ લિટર
કોઈપણ કઠોળનો લોટ – ૨ કિલો
દેશી ગોળ – ૨ કિલો
વડની અથવા તળાવની માટી – ૫૦૦ ગ્રામ
લસણના ફોફા – એક મુઠી
બાજરાનો લોટ – ૧ કિલો

આ બધુ મિશ્રણ કરી ૨૦૦ લીટર પાણી ઉમેરી એક ઘડીયાળ ની દિશામાં હલાવવુ તેને ૩ વાર હલાવવુ.૫ દિવસ સુધી અને ૬ઠ્ઠા દિવસે પાણી સાથે આપી દેવુ અને દર પંદર દિવસે આપવું.

પછી જયારે ટમેટા ને ફુલ ઉગડે ત્યારે આંકડા વાટેલો ૫ કિલો, લીમડાના પાન વાટેલા ૨ કિલો, આ બંને ને મિશ્રણ કરી ૨૦૦ લીટર પાણીમાં અઠવાડીયા સુધી સડવા દઈ નવમા દિવસે પાણી સાથે આપવુ.દર વીસ દિવસે આપવું.

ટમેટા માં રોગ આવે ત્યારે ૩૦(ત્રીસ) હોય ત્યારે માટલાની દવા ૧૧ લિટર ખાટી છાસની આશ (પરાશ) બાજરાનો લોટ ૧ કિલો,અરણીના પાન વાટેલા –૧ કિલો, આ બધાને મીશ્રણ કરી માટલામાં નાખી કાપડથી મોઢુ બાંધી દેવાનુ અને પછી માટલા ને ગરમ ઉકરડામાં દાટી દેવાનુ અને ૬ દિવસે ઉકરડામા રાખી ૭ માં દિવસે કાઢી લેવુ અને તેને છાયામાં રાખવું. અને પંપમા ૫૦૦ગ્રામ નાખી ટમેટા ઉપર છાંટવુ અને આ દવા ૨૦ દિવસ સુધી કામ આપે છે.

વાયરસ નામનો રોગ પાનમાં કુકડ આવે ત્યારે

ગૌમુત્ર – ૧ લિટર
ગાયનું દુધ – ૧ લિટર

પંપની અંદર નાખી સ્પ્રે કરવાથી વાયરસ નો રોગ આવતો અટકે છે,અને ફળફુલ નો વિકાસ અને વૃધ્ધિ થાય છે.

❖ ટમેટામાં ઈયળ આવે તૈયારે ❖

ગૌમુત્ર –૧૦ લિટર	કવાનું લાબું – ૧ કિલો
તમાકુ – ૧ કિલો	હિંગ – ૫૦ગ્રામ
લીલી મરચી – ૨ કિલો	કેરોસીન – ૨૦૦ ગ્રામ

❖ બનાવવાની રીત ❖

૧૦ લિટર ગૌમુત્ર માં ૧ કિલો તમાકુ નાખી ઉકાળવુ.૩–૪ હુંફાળા આવે ત્યાં સુધી ઉકાળવુ નીચે ઉતારી મરચા કુવારપાઠુ પીચીને હીંગ,કેરોસીન મીક્સ કરી નાખવું. ૧૨ કલાક પલળવા દેવુ,દિવસમાં ૨ વાર હલાવવુ એક પંપમાં ૧ લિટર નાખી છંટકાવ કરવાથી ઈયળ,મોલો મચ્છી,તડતડીયા પ્રીસ જેવા સાત પ્રકારના રોગને નાબુદ કરે છે.

❖ ફાલ પકડવા માટેની દવા પંચગવ્ય ❖

ગાયનું તાજુ છાણ – ૫ કિલો
ગાયનું દુધ –૨ લિટર
ગાયનું દહિં – ૨ કિલો
ગૌમુત્ર – ૩ લિટર
શ્રી ફળનું પાણી – ૪ લિટર
શેરડીનો રસ – ૪ લિટર
પાકલ કેળા – ૧૫ નંગ
ગાયનું ઘી – ૭૦૦ ગ્રામ

આ બધુ ભેગુ કરી ૨૧ દિવસ સુધી એક દિશામા હલાવવું,૨૧ દિવસબાદ ૬ થી ૭ દિવસમાં આનો ઉપયોગ કરી લેવો તેને ૧ પંપમાં ૪૦૦ ગ્રામ નાખી છંડકાવ કરવો, બાકીનું વધેતો પાણી સાથે પાય દેવુ તેનાથી ફાલ ત્રણ ગણો પકડે છે.સારો ફાલ પકડે છે,ડાળી પણ ભાંગતી નથી ૧૫ લીટર ખાટી છાસ અને ગૌમુત્ર ૧૦ લીટર બને દર ૧૫ દિવસે આપવું,૨૦૦–૨૦૦ ફુટના અંતરે મકાઈ ઉગાડી જેનાથી ૫૦% સેગ કાબુમાં રહે છે. લાલ અને પીળા કલર ની ઘજા બનાવી.ખેતર માં ચાર – પાંચ ફુટની ઉંચાઈ પર લગાડવી તેનાથી પણ ૫૦% રોગ કાબુમાં લઈ શકાય છે. વાવડીગ નો ધુપ દેવો,દર ૮ દિવસે વાવડીગનો ધુપ દેવો જેનાથી વાયરસ નો રોગ આવતો નથી. આવા પ્રયોગ કરવાથી ટમેટાનું ફળ ઉતમ પ્રકારનું મેળવી શકાય છે અને ૧૦૦% પરિણામ મેળવેલ છે.

ગાય આધારીત ઘઉ

એક એકરમાં ૬ ઈંચ ઉંડી ખેડ કરવી અને તેના ૨ ટન છાણીયુ ખાતર નાખવુ તેમાં ઘઉ વાવીને પણ કરી શકાય અને છાંટીને પણ કરી શકાય.

ઘઉં ને દેવાનો પટ

ખાટી છાસ ગૌમુત્ર બે ભેગુ કરી ૨૦ મિનીટ સુધી ઘંઉને પલાળવા પછી તેને છાયડામાં ૧ કલાક સુધી સુકવવા દેવા તેને વાવી અથવા તો છાંટી પણ શકાય એક એકરમાં પાયાનું ખાતર ૫૦ ગ્રામ (શીંગનુ ખાતર શીંગડાનું ખાતર આપવું).

શીંગ (શીંગડાનું) ખાતર બનાવવાની રીત

ગાયનું છાણ ૫૦%

કોઈપણ કઠોળનો લોટ –૫૦%

ગૌમુત્ર – થોડુક

વડ ની નીચેની અથવા તળાવની માટી ૫૦ ગ્રામ

આ બધુ મિશ્રણ કરી બળદ અથવા ગાય શીંગડા માં ભરી દેવુ ત્યારબાદ તેને કાપડ થી મોઢું બાંધી દેવુ અને આઠ મહિના સુધી જમીનમાં ભેજવાળી જગ્યાએ દાટવુ તેમા શીંગ ની અણી ઉપર રાખવી અને બહાર કાઢયા બાદ કાચની બરણીમાં ભરી અને છાપરે રાખવુ.

ઘઉં ને જીવામૃત આપવું

જીવામૃત બનાવવાની રીત

ગાયનું તાજુ છાણ – ૧૫ કિલો
ગૌમુત્ર – ૧૦ લિટર
કોઈપણ કઠોળનો લોટ – ૨ કિલો
દેશીગોળ – ૨ કિલો
તળાવ ની અથવા વડની નીચેની માટી – ૫૦૦ ગ્રામ
લસણના ફોફા – ૧ મુઠી

આ બધુ મીશ્રણ કરી ૨૦૦ લીટર પાણી માં ઉમેરવું અને તેને ઘડીયાળના કાંટાની દિશામાં દિવસ માં ત્રણવાર હલાવવુ અને પાંચ દિવસ સુધી રાખવુ અને ૬ઠ્ઠા દિવસે પાણી સાથે આપવું. દર ૧૫ દિવસે ઘઉંને જીવામૃત આપવું.

૪૦ દિવસ બાદ ઘઉંને આંકડો 3 કિલો પિછેલો(વાટેલો) તેને ૧૦૦ લીટર પાણીમાં ૬ દિવસ સુધી આંકડાને સડવા દેવો ત્યારબાદ સાત માં દિવસે પાણી સાથે આપવું તેની સાથે ખાટી છાસ ૬ લીટર ગૌમુત્ર ૫ લીટર પાણી સાથે આપવુ દર ૨૦ દિવસે આપવું.

ઘઉં ની અંદર જયારે ગેસ રોગ આવે ત્યારે ખાટી છાસ 30 દિવસની ૧।। લીટર,ગોમુત્ર ૧।। લીટર ૫ ગ્રામ હીંગ સાથે આપીને છંટાકાવ કરવો તેનાથી ગેસ રોગ આવતો નથી તેમજ કાળો અર્મ આવતા પણ અટકે છે,તેનો છંડકાવ ૧૦–૧૦ દિવસ ને વેળે બે છંડકાવ કરવો

આમ, આ રીતે કરવાથી ઘઉં નુ ઉત્પાદન સારૂ ગુણવતા વાળુ અને મબલખ પાક લઈ શકાય છે.

❖ જયારે ઈયળ આવે ત્યારે ❖

હીંગ ૧૦૦ ગ્રામ
અજમા ૨૫૦ ગ્રામ

❖ બનાવવાની રીત ❖

૨ લીટર પાણીમાં સાંજે હીંગ પલાળી દેવી ૨ લીટર પાણીમાં અજમાં સાંજે પલાળવા અને બંને ને અલગ અલગ પલાળવા સાંજે પલાળી દેવા અને સવારે બંનેને ૨૦૦ લીટર પાણીમાં મીક્સ કરી બંને દીશા માં હલાવવા.ત્યારબાદ તેમાંથી છંટકાવ કરવો,તેનાથી નાની ઈયળ મૃત્યુ પામે છે.

વાવડીગ નો ધુમાડો રાયડાને દર ૧૫ દિવસે આપવો

પાંચ પાનનો ઉકાળો

ગૌમુત્ર – ૫ લીટર
પાણી – ૧૨ લીટર
લીમડો – ૫૦૦ ગ્રામ
આંકડો – ૫૦૦ ગ્રામ
સીતાફળના પાન – ૫૦૦ ગ્રામ
ધતુરાના પાન – ૫૦૦ ગ્રામ
કરદ ના પાન – ૫૦૦ ગ્રામ

આ બધુ પાન વાટીને પછી તેનું મીશ્રણ કરવુ અને તેને પાણીમાં પલાળી તે ૬ દિવસ સુધી રાખી તેને ગરમ કરવું અને ૧૦ લીટર રહે ત્યાં સુધી ઉકાળવુ. ૧ પંપમાં ૩૦૦ ગ્રામ નાખીને છંટકાવ કરવો તેનાથી રસ ચુસવાવાળી ઈયળ સુચીયા જીવાત વગેરે ને અટકાવે છે. આમ, રાયમાં આવી રીતનો દરેક વસ્તુનો ઉપયોગ કરવાની રાય દેખાવામાં સારી અને સ્વાદ પણ સરસ આવે છે. ને સારૂ એવુ ઉત્પાદન લઈ શકાય છે.

ગાય આધારીત દેશી પપૈયા

એક એકર માં ૫ ટન છાણીયું ખાતર નાખવું, અને એક ફુટ ઉંડી ખેડ કરવી લોટર ચલાવી જમીન તૈયાર કરવી. ત્યાર બાદ ૫×૫ પ્રમાણે પાંચ ફુટના અંતરે સાહ પાડવા સારુ અને મોટુ તંદુરસ્તી અને પાકલ પપૈયુ લેવુ તેમાંથી બીયા કાઢવા અને તેને ગાયના અડાયા છાણાની રાખમાં રગડવા. તેમા બે પ્રકારના બી હોય છે. જેમાં કાળા બી નર હોય અને ભુરા પ્રકારના બી માદા હોય છે. આ ભુરા બી ને રાખમાં રગડીને સુકવીને એક કયારમાં છટકાવ કરવો અને ૫૦ થી ૫૫ માં દિવસે રોપની ફેર બદલી કરવી. પાયાનું ખાતરમાં શીંગ (શીંગડુ) નું ખાતર આપવું,દર ત્રણ મહિને આપવું. દર ૧૫ દિવસે જીવામૃત આપવું.

જીવામૃત બનાવવાની રીત

ગાયનું તાજુ છાણ – ૧૫ કિલો
ગૌમુત્ર – ૧૦ લિટર
કોઈપણ કઠોળનો લોટ – ૨ કિલો
દેશીગોળ – ૨ કિલો
બાજરાનો લોટ – ૧ કિલો
લસણના ફોફા – ૧ મુઠી
તળાવની કેવડ ની
નીચેની માટી – ૫૦૦ ગ્રામ

આ બધુ મીશ્રણ કરી ૨૦૦ લીટર પાણીમાં ઉમેરી તેને પાંચ દિવસ રાખવું અને દિવસમાં ત્રણ વાર ઘડીયાળના કાટાંની દિશામાં હલાવવુ અને પાંચ દિવસ રાખી છઠ્ઠા દિવસે આપી દેવુ.

ખાટી છાસ–૮ લિટર, ગૌમુત્ર–૫ લિટર બન્ને મિશ્રણ કરી પાંચ દિવસ રાખી ૬ઠ્ઠા દિવસે છંટકાવ કરવો, આવો છંટકાવ દરેક ૨૦ દિવસે કરવો.

ફુકાનાશક, કૃષિ અને મુંડા માટે ની દવા

ડીટલ્યો કે કાંટાળો થોર રોપેલો ૪ કિલો ૨૦૦ લિટર પાણીમાં આ થોર સાંજે નાખી સવારે ત્યાર થાવા દેવો. તેના છંટકાવથી કૃમી ફુગ કે મુંડા આવતા નથી.

૧૧ લીટર ખાટી છાસ ની આશ (પરાછ) તેમા ૧ કિલો બાજરીનો લોટ અને વાટેલા અરણીના પાન ૧ કિલો ભેગુ કરી એક માટલામાં નાખી માટલાનુ મોઢુ કાપડ થી બાંધી ગરમ ઉકરડા માં દાટી દેવુ અને આ માટલુ ૬ દિવસ સુધી દાટેલુ રાખી સાતમા દિવસે બહાર કાટી છાયડે રાખવું. એક વિઘે ૨ લિટર આપવું,દર મહિને એક વાર આપવું. આ દવા છાંટી પણ શકાય છે.વાયરસ નામનો રોગ આવે ત્યારે એક પંપ માં ૫૦૦ ગ્રામ નાખીને છાંટી શકાય છે.

આ દવાનો ઉપયોગ ૨૦ થી ૨૫ દિવસમાં કરી લેવો. વાયરસ નામનો રોગ આવે ત્યારે અને ફળ ફુલ બેસે ત્યારે
ગાયનું દુધ – ૧ લીટર ગૌમુત્ર – ૧ લીટર

એક પંપમાં નાખી છાંટવાથી વાયરસ નામનો રોગ આવતો નથી અને ફળફુલ સારા બેસે છે. આ દર ૧૫ દિવસે છાંટવુ.

જ્યારે પપૈયા ને ફળ બેસે ત્યારે આંકડા વાટેલો 3 કિલો દર પંદર દિવસે આપવો. આંકડો પાવાથી ફળ મોટુ થાય છે. પપૈયા ને ફાલ પકડવવા માટે પંચગવ્ય આપો.

❖ પંચગવ્ય બનાવવાની રીત ❖

ગાયનું તાજુ છાણ – 3 કિલો
ગૌમુત્ર – 3 લિટર
ગાયનું દુધ – ૨ લિટર
ગાયનું ઘી – ૧ કિલો
ગાયનું દહિં – ૨ કિલો
પાકલ કેળા – ૧૫ નંગ
શેરડીનો રસ – ૪ લીટર
શ્રીફળ નું પાણી – ૪ લીટર

આ બધુ ભેગુ કરી ૨૧ દિવસે સુધી રાખવાનુ અને દિવસ માં બે વાર એક જ દીશામાં હલાવવું. એક પંપની અંદર ૪૦૦ ગ્રામ નાખી પપૈયા ઉપર છંટકાવ કરવો. બાકીનું વધે તેને પાણી સાથે પાય દેવું.

ગાય આધારીત રીગણી

એક એકરમાં ૪ ટન છાણીયું ખાતર ભરવુ. ૬ ઈંચ ખેડ કરવી, બરોબર હલોવીને સાહ પાડવા ૫×૪ ના અંતરે સોપવી. સોપતી વખતે ખાટી છાસ અને ગૌમુત્ર મા રીંગણના રોપના મુળીયા બોળીને રોપણી કરવી.પાયાનું ખાતર શીંગ (શીંગડા)નું ખાતર આપવું. આ ખાતર ૫૦ ગ્રામ આપવુ, ત્યારબાદ દર ૧૫ દિવસે જીવામૃત આપવુ ત્યારબાદ દર ૨૦ દિવસે ખાટી છાસ ૧૦ લીટર અને ગૌમુત્ર ૬ લીટર આ બંને ૨૦૦ લીટર પાણીમાં નાખીને આપવું.જ્યારે ફુલ ઉગડે ત્યારે પંચગવ્ય આપવુ તેને પાણી સાથે આપવુ એક પંપમાં ૪૦૦ ગ્રામ નાખી પાણી સાથે આપવું તેનાથી ફળ-ફુલ ત્રણ ગણો થાય છે. દર મહિને પંચગવ્ય આપવું,દર ૧૫ દિવસે ખાટી છાસ ગૌમુત્રનો છંટકાવ કરવો

❖ જ્યારે રીંગણી ❖

માં ડોકો મરડી આવે ત્યારે અક્ષય દવા..
૧૦૦ ગ્રામ હીંગ
૨૫૦ ગ્રામ અજમા

❖ બનાવવાની રીત ❖

૨ લીટર પાણીમાં હીંગ અલગ અલગ પલાળવી સાંજે પલાળવા અને સવારે બંનેને ૨૦૦ લીટર પાણીમાં મીક્સ કરી બંને દીશામાં હલાવવુ અને તેમાંથી પંપમા ભરી છંટકાવ કરવો. તેનાથી ડોક મરડી જતી રહેશે અને રીંગણી બગડે કે સડશે નહી. દર ૧૫ દિવસે વાવડીંગ નો ધુમાડો દેવો સાથે સફેદ કપડુ અને ગુગળનો પણ ધુપ દેવો.

❖ જયારે ઈયળ આવે ત્યારે ❖

૧૨ લિટર ગૌમુત્ર
૧ કિલો તમાકુ
૨ કીલો લિમડામાં ના પાન,
૧ કિલો કવાનું બાબું
૨૦૦ ગ્રામ કેરોસીન
૧ કિલો લિલીમરચી
૧૦૦ ગ્રામ હિંગ

બનાવવાની રીત :- ૧૨ લિટર ગૌમુત્ર ને ગરમ કરવું તેમાં તમાકુ, લિમડાના પાન આને ગરમ કરવું પાને પીસવા, તેને ગરમ કરવું, ૮ લિટર રહે ત્યા સુધી બાળવું, પછી નીચે ઉતારી લિલિ મરચી, કવાનુ બાબુ, પીસીને નાખવું. કેરોસીન, હિંગ, નાખવુ. ૧૨ કલાક બાદ ૧ પંપમાં ૮૦૦ ગ્રામ નાખી ચટકાવ કરવો તેથી ઈયળ મૃત્યુ પામે છે.

આ રીતે મસી કરવાથી ઉત્યાદન સારૂ આવે છે. રીંગણીનો ઓરીજનલ સ્વાદ આવે છે

❖ ૧ લીટર ગૌમુત્ર અને ૧ લિટર દુધનો ❖

છંડકાવ કરવાથી ફળફુલ સારા એવા બેસે છે અને આ રીત નો ઉપયોગ કરવાથી એક વિઘામાં ૫૦૦ મણ રીંગણા નો ફાલ લઈ શકાય છે. આ રીંગણી ૧૫ મહિના સુધી રહે છે.

ગાય આધારીત કોબીઝ/ફલાવર

જયારે ઈયળ આવે ત્યારે ઉપર મુજબની દવાનો છંટકાવ કરવો.

- એક એકર જમીનમા મધ્યમ ખેડ કરવી, ૫ ટન છાણીયું ખાતર નાખવું અને કેરાપાળી કરવી. ૦.૫-૦.૫ ફુટને વેળે સોપવી.
- શિંગનુ ખાતર આપવુ.
- દર ૧૫ દિવસે જીવામૃત આપવું.
- ૨૦ દિવસે ખાટી છાશ ૧૫ લિટર અને ગૌમુત્ર ૧૦ લિટર આપવું. (પાણી પાતી વખતે સાથે આપવું.)
- પહેલો છંટકાવ :- ખાટી છાશ ૧.૫ લિટર, ૧ લિટર ગૌમુત્ર, ૧ કિલો લિબડાના પાન ને પીસી નાખવા, ૧ લિટર પાણીમાં ગરમ કરવું ૦.૫ લિટર રહે ત્યા સુધી પાણી બાળવું. ત્યાર બાદ ઠંડુ થય ગયા પછી આ મિશ્રણ ૧ લિટર ગૌમુત્ર અને ૧.૫ લિટર ખાટી છાશ માં નાખી આવા બે છંટકાવ ૮-૮ દિવસના વેળે કરવા

ગાય આધારીત દુધી



- ૧ એકર જમીનમાં ઉડી ખેડ કરવી તેને લોટર થી તૈયાર કરવી. ત્યાર બાદ ૬ (છ) ફુટને વેળે સાહ પાડવાં ત્યાર બાદ છાણીયુ ખાતર અને ઉપર માટી નાખવી.
- દુધી ના બીજને રાત્રે ગાયના ગોબરમાં પલાળવા સવારે બહાર કાઢીને પછિ ચોપવા.
- શિંગ ખાતર ૧ એકરમાં ૧ તોલુ સિગ ખાતર આપવુ સાથે જીવામૃત પહેલા પાણી સાથે આપવુ.
- દર પંદર (૧૫) દિવશે જીવામૃત આપવું.
- ૫ (પાંચ) ફુટ વેલો ચાલે ત્યારે અગળનુ મોઠુ (ડોકુ) કાપીનાખવુ. ત્યારબાદ ૨.૫ ફુટે વેલા ને ડાટવો. ૦.૫ ફુટ જમીનમાં એનાથી અનેક ફુટ નિકળશે.
- ફુટ નીકળ્યા પછિ, ખાટીછાસ ને ગૌમુત્ર નાખવુ. (ખાટીછાસ 30 દિવસેની હોવીજોઈ એ)
- દર પંદર (૧૫) દિવસે ખાટીછાસ ને ગૌમુત્ર નો છંટકાવ કરવો. ૧ પંપમાં ૧.૫ લિટર ખાટીછાસ ૧ લિટર ગૌમુત્ર ૧૫ લીટરના પંપમાં નાખીને છાટવું.
- અગીયારસ થી પુનમ વચ્ચે છાટવા થી વધારે ફાયદો થાય છે. આ છાટવા થી કોઈ રોગ આવતો નથી.
- ત્યારબાદ, સફેદ કાપડના ટુકડા, વાવડીગ, ગુગળ દર આંઠ દિવસે ધુપ દેવું. આ કરવાથી કોઈ રોગ આવતો નથી.
- દર પંદર દિવસે આંકડો પાવો, આકડાના પાસી પીસીને ફળ મા મોટુ કરે છે કારણકે તેમાં ભરપુર માત્રામાં પાંચ હોય છે.
- જ્યારે ફુલ ઉઘડે ત્યારે પંચગવ્ય આપવું, તેનાથી ઉત્પાદન સારુ મળે છે, દુધી સ્વાદિષ્ટ, વાળી અને તંદુરસ્તી વધારનારી તેમજ બીજી રાસાયણીક ખાતરથી પકવેલ દુધી કરતા ભરાવદાર તંદુરસ્ત અને સ્વાદિષ્ટ હોય છે.

ગાય આધારીત મરચી

એક એકરમાં હળવી ખેડ કરવી, ત્યાર બાદ લોટર હાકી ને જમીન ને ત્યાર કરવી. ત્રણ ફુટ અંતરે સાહ પાડવા, તેની અંદર પાંચ ટન છાણીયુ ખાતર ભરવું, સાહમાં ભરી સાહને કુરી ઉકેરવાને પછી ૩ ફુટને અંતરે મરચી સોપવી સીંગનુ ખાતર આપવુ અને દર પંદર દિવસે જીવામૃત આપવું, દર પંદર દિવસે ખાટી છાસ અને ગૌમુત્ર આપવું. મરચીમાં જ્યારે કુકક આવે ત્યારે ૧.૫ લીટર ખાટી છાસને ૧ લિટર ગૌમુત્રમાં નાખી છટકાવ કરવો.

થ્રીપ્સ આવે ત્યારે શુ કરવુ.

ખાટી છાસની આસ ૧૧ લિટર, ૧ કિલો બાજરાનો લોટ, ૧ કિલો અરણિના પાન, ૧કિલો લિંબડાના પાન પીસી નાખવા ત્યાર બાદ એક માટલામાં ભેગુ કરવું કપડાથી મોઢુ બાધી દેવું ૬ દિવસ ઉકરડા માં ઉકરણમાં દાટી દેવું. ૭ દિવસે બહાર કાઢી તેનો પંપમાં નાખી છટકાવ કરવો, તેનાથી થ્રિપ્સ મૃત્યુ પામે છે. (આ દવા ૩૦ દિવસ સુધીમાં વાપરી નાખવી ૩૦ દિવસ પછી આ દવા કામ આપતી નથી.)

વાયરસ નામનો રોગ આવે ત્યારે

૧ શેર (૦.૫ લીટર) ગાયનું દુધ, ૦.૫ લિટર ગૌમુત્ર ૧૫ લિટર પાણીમા નાખી છટકાવકરવાથી વાયરસનો રોગ આવતો નથી, આવિયો હોયતો નાબુદ થઈ જાય છે.

દર ૨૫ દિવસે પંચગવ્ય છાટવું, ૧ પંપમાં ૩૦૦ ગ્રામ નાખીને છાટવાથી મરચીનો ફાલ બહુ સારો પાકે છે.

મરચીમાં જ્યારે ઈયળ આવે ત્યારે

૧૨ લિટર ગૌમુત્ર
૧ કિલો તમાકુ
૨ કીલો લિમડામાં ના પાન,
૧ કિલો કવાનું બાબું
૨૦૦ ગ્રામ કેરોસીન
૧ કિલો લિલીમરચી
૧૦૦ ગ્રામ હિંગ

બનાવવાની રીત :- ૧૨ લિટર ગૌમુત્ર ને ગરમ કરવું તેમાં તમાકુ, લિમડાના પાન પીસીને તેને ગરમ કરવું, ૮ લિટર રહે ત્યા સુધી બાળવું, પછી નીચે ઉતારી લિલિ મરચી, કવાનુ બાબુ, પીસીને નાખવું અને તેમા કેરોસીન અને હિંગ નાખવુ. ૧૨ કલાક બાદ ૧ પંપમાં ૮૦૦ગ્રામ નાખી છટકાવ કરવો તેથી ઈયળ મૃત્યુ પામે છે.

આ રીતે મરચી કરવાથી ઉત્પાદન સારૂ આવે છે. મરચાનો ઓરીજનલ સ્વાદ આવે છે અને બજારમાં સારો ભાવ આવે છે.

ગાય આધારીત ગુવાર

- મધ્યમ ખેડ ૧ એકરમાં કરવી છાણીયુ ખાતર ૪ ટન નાખવું. 3-3 ફુટને વેળે સાહ કરવા, ફુટ ફુટને વેળે ગુવાર સોપવો, ગાયના છાણમાં બીજને રાત્રે પલાળવા સવારે કાઢી ને સોપવા.
- શિગ ખાતર આપવુ ૧ તોલુ, જીવામૃત આપવુ દર પંદર દિવસે ખાટી છાસ અને ગૌમુત્ર ૧૦-૧૦ લિટર આપવું તેનાથી ફુગ આવતી નથી. છોડ ઉભે ઉભા જતા અટકી જાય છે.
- ૨૫ દિવસે એકવાર પાંચ લિટર ગાયનું દુધ આપવું.
- ૧ લિટર ગૌમુત્ર ૫૦૦ ગ્રામ લિમડના પાન 3 દિવસ પલળવા દેવું ૧ પંપમાં નાખી ને છટકાવ કરવો. આ રીતે કરવાથી ગુવારને કોઈ પણ પ્રકારની ફુગ લાગતી નથી
- આ કરવાથી ઉત્યાદન સારૂ મળે છે, ગુવારનુ શાક મીઠુ ને મધર, સ્વાદિષ્ટ થાય છે અને દેખાવમાં સારા હોવાથી ભાવ પણ સારો મળે છે.

ગાય આધારીત ધીહોડા



- એક એકરમાં ઉડી ખેડ કરવી ૬ ફુટના વેળે સાહ પાડવા, તેમાં ૬-૬ ફુટે ખાડા કરવા, ૦.૫ ફુટ ઉડાં ખાડા કરવા તેમા છાણીયું ખાતર નાખીને ધુળથી ડાટી દેવું, પછી તેમાં ધીહોડાના બી સોપવા. ખાડાની બન્ને બાજુ એક એક ખાડો કઈ રીતે કરવા તેનો નમુનો ઉપર આપેલો છે.
- બિજને રાત્રે ગાયના છાણમાં બોળીને સવારે છોપવું.
- શિંગનું ખાતર, જીવામૃત, ખાટી છાસ, ગૌમુત્ર ૧૫-૧૫ દિવસે આપવુ.
- ગૌમુત્ર ૧ લિટર ૧૦ ગ્રામ હિંગ પંપમાં નાખી છાટવાથી તુરીયાનો ફાલ સારો બેસે છે ને દર પંદર દિવસે આંકડો પાવો.
- ઉપર માડવો કરવો, જેથી ધીહોડા લાંબાને દેખાવમાં સારા થાય છે, ને ભાવ સારો આવે છે.

ગાય આધારીત કાકડી



- એક એકરમાં ઉડી ખેડ કરવી, ૬ ફુટ વેણ એ સાહ પાડવા, તેમા ૬ – ૬ ફુટે ૦.૫ ફુટ ખાડા કરવા.
- તેમાં છાણીયું ખાતર ભરી ને ઘુડથી ડાટી દેવુ, પછી તેમાં કાકડીના બિજ ખાડાની બન્ને બાજુએ એક એક બીજ છોપવું.
- શિંગડાનુ ખારત, ગૌમુત્ર, જીવામૃત, ખાટી છાસ ૧૫–૧૫ દિવસે છટકાવ કરવો.
- જ્યારે ફુલ કે મોર બેસે ત્યારે પંગવ્ય આપવું તેનાથી ફુલ ખરતા નથી અને કાકડી તંદુરસ્ત, સારી અને લાંબી થાય છે.
- વાઈરસ આવે ત્યારે :– ૦.૫ ગૌમુત્ર, ૦.૫ ગાયનુ દુધ એક પંપમા નાખીને છટકાવ કરવો.
- થિપ્સ, મસી વગેરે આવે ત્યારે :– ખાટી છાસ ની આસ ૧૧ લિટર, ૧ કિલો બાજરાનો લોટ, ૧ કિલો અરૂણિના પાન, ૧ કિલો લિંબડાના પાન પીસી નાખવા ત્યાર બાદ એક માટલામાં ભેગુ કરવું, કપડાથી મોદુ બાધી દેવું, ૬ દિવસ ઉકરડામાં દાટી દેવું ૭માં દિવસે બહાર કાટી તેમાથી ૦.૫ લિટર ૧ પંપમાં નાખી છટકાવ કરવો તેનાથી થિપ્સ, મસી મૃત્યુ પામે છે (આ દવા ૩૦ દિવસ સુધી માં વાપરી નાખવી ૩૦ દિવસ પછી આ દવા કામ આપતી નથી)
- આ રીતે કાકડી ની ખેતી કરવાથી કાકડી સ્વાદીષ્ટ અને દેખાવડી બને છે. તેથી બજારમાં ઘણો સારો ભાવ મળી રહે છે.

ગાય આધારીત ભિંડો

૧ એકર જમીન માં ઉડી ખેડ કરવી લોટર હકાવી ૩–૩ ફુટને વેળે સાહ કરવા, સાહમાં પાંચ ટન છાણીયું ખાતર ભરવુ સાહ ઉકેરવા. બીજ ને ખાટી છાશ માં પલાળવા ૨ કલાક પછી કાઢીને છાપવા, ૦.૫–૦.૫ ફુટના અંતરે છોપવા, શિંગ ખાતર, જીવામૃત, ગૌમુત્ર, ખાટી છાશ દર ૧૫ દિવસે છટકાવ કરવો.

જયારે ફુગ આવે ત્યારે પંચગવ્ય છાટવુ.

❖ થિપ્સ આવે ત્યારે ❖

(આગળ મરચામા દર્શાવેલ રીતે દવા બનાવીને વાપરવી ''માટલાની દવા'') ખાટી છાશ ને ગૌમુત્ર ૧ પંપમાં ૧.૫–૧.૫ લિટર નાખવું.

લિમડના પાન ૫ કિલો, ૫ લિટર પાણી તેને ઉકાળવું, બે લીટર રહે ત્યા સુધી ઉકાળવું, ૧ પંપની અંદર ૦.૫ લિટર નાખવાનું ને ૧૫–૧૫ દિવસે છંટકાવ કરવો.

❖ જયારે ઈયળ આવે ત્યારે ❖

૧૨ લિટર ગૌમુત્ર
૧ કિલો તમાકુ
૨ કીલો લિમડામાં ના પાન,
૧ કિલો કવાનું બાબું
૨૦૦ ગ્રામ કેરોસીન
૧ કિલો લિલીમરચી
૧૦૦ ગ્રામ હિંગ

બનાવવાની રીત :- ૧૨ લિટર ગૌમુત્ર ને ગરમ કરવું તેમાં તમાકુ, લિમડાના પાન પીસીને ગરમ કરવું, ૮ લિટર રહે ત્યા સુધી બાળવું, પછી નીચે ઉતારી લિલિ મરચી, કવાનુ બાંબુ પીસીને નાખવું તેમજ કેરોસીન અને હિંગ નાખવી. ૧૨ કલાક બાદ ૧ પંપમાં ૮૦૦ ગ્રામ નાખી છંટકાવ કરવો તેથી ઈયળ મૃત્યુ પામે છે.

આ રીતે ખેતી કરવાથી ઉત્પાદન સારૂ આવે છે. ભિંડાનો ઓરીજનલ સ્વાદ આવે છે અને બજારમાં સારો ભાવ આવે છે.

ગાય આધારીત આંબો

- 3 ફુટ નો ખાડો કરવો, 3 ફુટ ઉડા ૨૦ – ૨૦ ને વેળે સોપવો, ખાડાની અંદર બોરડીના જાળ અથવા કોઈપણ નકામો કુસો નાખીને ૦.૫ ખાડો ભરી દેવાનો ૧ કિલો લિલા લિમડાના પાન, ત્યાર બાદ માટીથી પુરી દેવો, તેની ઉપર કલમ સોપવી ત્યાર બાદ
- ૮–૮ દિવસે પાણી પાવું.
- આંબો કયારે સોંપવો ? – જેઠ મહીનામાં...
- વરસાદ થાય ત્યારે પાણી આપવાનું બંધ કરવું.
- કાર્તક મહિનામાં આંબાને મોડી નાખવો, એક ખામણાની અંદર ૧૦ કિલો છાંણીયુ ખાતર, ૧ કિલો લિંમડાનો ખોળ, 3 કિલો એરડીનો ખોળ, ૨ કિલો શિંગનો પાપડો એટલી વસ્તુ ખામણામાં માટી સાથે મિક્સ કરી ખામણુ પુરી નાખવું. આંબાના થડ પાસે માટીનો ઠગલો કરવો, જેથી થડને પાણી ના લાગે.
- દર પંદર દિવસે જીવામૃત આપવું. દર મહિને ૧ વાર ગૌમુત્ર ને ખાટી છાશ ૧.૫–૧.૫ લિટર એક છોડને આપવું.

- **માટલાની દવા બનાવવી :-** ૧૧ લિટર ખાટી છાશની આશ, ૧ કિલો બાજરા નો લોટ, ૧ કિલો અરણીના પાન ને પીસવા આ બધી વસ્તુ ભેગી કરી માટલા મા નાખી ને માટલાનું મોઢું બાધીને ઉકરડામાં દાટી દેવું. ૬ દિવસ દાટી રાખવું ૭માં દિવસે બહાર કાઢી, ૦.૫ લિટર પાણી સાથે એક-એક છોડને આપવું. આ આપવાથી આંબા માં સુકારો આવતો નથી. જીણી જીવાત આંબાના મુળને કોતરી નાખતી નથી અને મૃત્યુ પામે છે.
- જ્યારે આંબાને મોર આવે ત્યારે ત્રણ વર્ષ સુધી મોર ખેરી નાખવો, ચોથા વર્ષે આબાંને મોર રેવા દેવો.
- ઉપરની રીત મુજબ વર્ષ મા બે વાર છટકાવ કરવો, કાર્તક અને જેઠ માહીને કરવો, ને દર વર્ષે છાણીયા ખાતરમાં ૫ કિલો એરડીના કુલમાં કિલો લિબોળીમાં, ૧ કિલોનું માપ દર વર્ષ વધારતું જવું.
- જ્યારે આંબાને મોર આવે ત્યારે વાવડીંગ, સફેદ કપડાના ટુકડાને ગુગળનો ધુપ દેવો, ચાર-ચાર દિવસે દેવો, ચણા જેવા ફળ થાય ત્યા સુધી નિયમિત ધુપ દેવો.
- ત્યાર બાદ છોડની બાજુમાં ગલગોટાના બે છોડ લગાવવા, ગલગોટાના કુલ ફળમાખી તેમજ અન્ય જીવોને કુલ પર રાખે એટલે આંબાને કોઈ નુકસાન આવતુ નથી.
- દર પંદર દિવસે આંકડો પાવો, જીવામૃત પાવું જ્યારે ચણા જેવડુ ફળ થાય પછી ૧ છોડ દિઠ ૫૦૦ ગ્રામ પાવો, ૬ દિવસ પાણીમા સડવા દેવો ને પછી આંબાને આપવું.
- પંચગાય આપવું, ચણા જેવડી કેરી થાય ત્યારે એક વાર પંચગાય આપવું, ત્યાર બાદ એક કલમ દિઠ ૧૫૦ ગ્રામ મીંઠુ આપવું.
- આ રીત કરવાથી આંબાનું ફળ ૬૦૦ થી ૭૦૦ ગ્રામ નું થાય છે.
- ઉપરોક્ત રીતે ખેતી કરવાથી આંબો વેલો ફુટે છે, ફાલ વેલો પકડે છે, કેરી સ્વાદિષ્ટ અને આરોગ્ય માટે શ્રેષ્ઠ થાય છે, આંબાની આવરદા લાંબી થાય છે, છોડ તંદુરસ્ત રહે છે, કેરીના ભાવ પણ સારા આવે છે.
- **આંબો રોપવાની બીજી રીત :-** એક એકરમાં ૬-૭ ફુટ વેળે ખાડા 3-3 ના કરવા ને ઉડા 3 ફટ કરવા. બોરડીના ગળીયો અથવા કોઈપણ કચરો નાખવો ૦.૫ અડધો ખાડો ભરી દેવો, તેના ઉપર લિમડાના લિલાપાન ૧ કિલો નાખવા. ને માટી થી દાડી દેવો, તેના ઉપર કલમ રોપી દેવી. આઠ-આઠ દિવસે પાણી આપવું. વરસાદ આવે ત્યારે પાણી ન આપવું. કાર્તક મહિને આંબાને ગોડી નાખવો એક ખામણાની અંદર ૧૦ કિલો છાણીયું ખાતર, ૧ કિલો લિમડાના ખોળ, 3 કિલો એરડી નું ખોળ, ૨ કિલો સિગનો પાપડો એડલી વસ્તુ માટી સાથે ભેળવીને ફરીથી ખાડો પુરી. કલમ પાસે માટીનો ઠગલો કરવો જેથી આંબાને પાણી ન લાગે.
- દર પંદર દિવસે જીવામૃત આપવું.
- ૧ વર્ષનો આંબો થાય ત્યારે તેના દરેક પાન કાપવા, એક પણ પાન રહેવા ન દેવું.
- દર વર્ષ જેઠ મહિને આંબાના પાનનું કટીંગ કરવું.
- ત્રણ વર્ષની કલમ થાય ત્યાસુધી મોર ખેરી નાખવો.
- ત્રીજે વર્ષે તેના પાન તેનાજ ખામણામાં નાખી દેવા, બહાર ન ફેકવા.
- ત્રીજા વર્ષથી કેરી આવા દેવી, ફાલ પકડે કુલ આવે ત્યારે વાવડીંગ સફેદ કપડાને ગુગળનો ધુવાડો
- દેવો. ચણા જેવડી કેરી થાય ત્યા સુધી પાંચ-પાંચ દિવસે આ ધુમાડો દેવો આર્થ. રાખોડી અથવા જાકળથી થતું નુકશાન થવા દેતુ નથી.
- ત્યાર બાદ આંબા ને આકડો પાવો, ૬ દિવસ પાણીમાં રાખીને ૭ માં દિવસે પાવો. જયા સુધી આંબા ઉપર ફળ હોય ત્યા સુધી પાવો. પંચગાવ્ય આપવું, ચણા જેવડી કેરી થાય ત્યારે પંચગાય આપવું, દર મહિને આપવું, ફળ હોય ત્યા સુધી આપવું.
- ફળ હોય ત્યારે એક આંબા દિઢ ૦.૫ લિટર ગાયનું દુધ ૨૦-૨૦ દિવસે આપવું.

ગાય આધારીત પ્રયોગ

જેમાં ૧૦૦% સફળતા મેળવેલ પ્રયોગ

૧) ૧ લીટર દુધ ઉકાળી ૧૫ લીટર પાણી માં ભેળવી પાક પર છંટકાવ કરવો
૨) ૧ લીટર ગૌમુત્ર ને ૧૫ લીટર પાણીમાં છંટકાવ કરવો
૩) ૧૦૦ લીટર પાણીમાં ૪ લીટર શ્રીફળનું પાણી નાખી ફળફુલ સારા આવે છે તેના પર છંટકાવ કરવો.
૪) ૧૦૦ લીટર પાણીમાં ૫ લીટર ગૌમુત્ર અને ૨૦ કિલો ગાયનું તાજુ છાણ ૫૦ કલાક સુધી ભીજવવુ અમુક અંતરે વારંવાર હલાવવુ પછી તેને ૧૦ કલાકે હલાવવુ નુ બંધ કરી ઠરવા દઈ ૨૫ લીટર સરલી ઉપર ના ચોપડા કાઢી લ્યો તેને ૨૦૦ લીટર પાણીમાં સ્પ્રે કરવો તેનાથી રોગજન્ય કિડાઓ નાશ પામે છે અને ઉપજ સારી આવે છે.
૫) ૨ કિલો જુવાર,બાજરી,ઘઉં,મકાઈ,અને ચોખા દરેક કઠોળ ને ૨ કિલો લેવુ તેને દળી નાખવું તેની ખીર બનાવવી.તેની અંદર ૧૦ લીટર ગાયનું દુધ ૧૦ લીટર પાણી તેની ખીર બનાવવી.કપાસ, કેળ,રીંગણી,લીંબુ,આંબો,મરચી દરેક પાકને પાણી સાથે આપવાથી પુષ્કળ ફુયે ૧૦૦% બેસે છે.
૬) સાત પ્રકારના ઘાન ઘંઉ,મગ,મઠ,ચણા,ચોળી,તલ,અડદ,બધુ ૧૦૦-૧૦૦ ગ્રામ લેવુ તેને પાણીમાં ભીંજવીને ફણગાવવુ,ત્યારબાદ ૧૦ લીટર પાણી લઈ પીસી નાખી ૩ દિવસ સુધી સડવા દેવુ, ત્યારબાદ ૫૦૦ લીટર પાણી ઉમેરી જમીન પર છાંટવુ. ફણગાવેલા સાતેય ઘાનને ૪ લીટર ગૌમુત્ર, ૨૦૦ લીટર પાણી સાથે ઉમેરી ફસલ ઉપર છાંટી શકાય છે.આ પ્રયોગ ૨૦-૩૦ દીવસે આપી શકાય છે.
૭) દરેક પાકની અંદર મકાઈ અને ગલગોટા,કપાસ,શીંગ(મુંગફળી),રીંગણી,ડુંગળી,લસણ,વગેરે આ બધામં ૨૦૦ ફુટના અંતરે મકાઈ અને ગલગોટા ઉગાડવાથી ૫૦% રોગ આવતો અટકાવે છે.
૮) ખાટી છાસ ૧૦ લીટર એક એકરમાં પાવાથી ૨૫૦ પ્રકારની ફુગ નાશ કરે છે.
૯) એક એકરમાં ૩ કિલો આંકડો પીછીને નાખવાથી ૫૦ કિલો પોટાશ જેવુ કામ આપે છે અને ફુગ નાશક પણ છે.
૧૦) ૧૫ લીટર પાણી,૨૫૦ ગ્રામ છાસ ખાટી, ૫૦ગ્રામ લીંબુનો રસ,૧૦૦ ગ્રામ ખાટા આંબલીયા નો રસ ૧૦ ગ્રામ હીંગ,૧૦ ગ્રામ કપુર આ બધુ મીશ્રણ કરી ફસલ પર છંટકાવ કરવાથી રોગજન્ય કીડાઓ ભાગી જશે અને નષ્ટ થઈ જશે.
૧૧) ખજુર ના પાન ૨ કિલો,ગૌમુત્ર ૩ લીટર, ૨૦૦ લીટર પાણીમાં રાખી ૨ દિવસ સુધી સડવા દઈ પછી તેને ગાળીને છંટકાવ કરો
૧૨) ૨૦૦ ગ્રામ વાવડીંગ ૩ લીટર ગૌમુત્ર ૨૦૦ લીટર પાણીમં ૨ થી ૩ દિવસ સડવા દઈ ગાળીને સ્પ્રે કરવો.
૧૩) ફળ આપનાર નાના વૃક્ષને દેશી ગાયનું દુધ ૫૦ ગ્રામ અથવા મકાઈ નો લોટ ૧૦૦ ગ્રામ આપવાથી ખુબ જ ફાયદો થાય છે.

રસ ચુસીલેનાર કીડા ફુલ પરના કીડાના નાશ કરે તેને નીયંત્રણ કરવા માટે ૫૦% કડવા લીમડાના પાન નો અને ગૌમુત્ર ૮% નો સ્પ્રે કરવો મુળ ની વૃધ્ધી કરવા માટે અને અળસીયાનો જમીનમાં વધારો કરવા માટે ૧૦ કિલો ચોખાને ૫૦ લીટર પાણીમાં ઉકાળવા અને તેનું ઓસવાણ પાણી સાથે આપવાથી એક એકરમાં આ ઉપયોગ કરવાથી અળસીયા ભરપુર પ્રમાણમાં ઉત્પન્ન થાય છે.

એક એકરમાં ૧૦ લીટર ખાટીછાસ, ૬ લીટર ગૌમુત્ર, ૧ કિલો દેશી લસણ પીસીને છાસ માં નાખવુ. ૨૪ કલાક સડવા દેવુ, શીંગ (મુગફળી),કપાસ,લસણ,રીંગણી,ઘંઉ,બાજરી,જુવાર,ડુંગળી દરેક પ્રકારના શાકભાજી વગેરે માં આ નાખવાથી ૪૫૦ પ્રકારની ફુગ નો નાશ કરે છે અને છોડ લીલોછમ અને તંદુરસ્ત રહે છે. દરેક ૨૦ દિવસે આને આપી શકાય છે.

દરેક પાકમાં પીળી અને લાલ ધજા ૨૦૦ ફુટના અંતરે સોડવી જેનાથી સુર્ય પ્રકાશ તેનાપર પડવાથી જીવાતો તેના પર ઈંડા મુકે છે અને ૩૦% રોગ આવતો અટકાવે છે.

અગ્નિહોત્ર

સુર્યાસ્ત વખતે શ્લોક બોલવો.
અગ્નેય સ્વાહાઃ
અગ્નેય ઈદમ્ ન મમઃ ।
પ્રજાપતયે સ્વાહા :
પ્રજાપતયે ઈદમ્ ન મમઃ ।

સુર્યોદય વખતે શ્લોક બોલવો.
સુર્યાય સ્વાહાઃ
સુર્યાય ઈદમ્ ન મમઃ ।
પ્રજાપતયે સ્વાહા :
પ્રજાપતયે ઈદમ્ ન મમઃ ।

અગ્નિહોત્ર અગ્નિહોત્ર શું છે ? શાં માટે ? અને અગ્નિહોત્રની સરળ રીત

- અગ્નિહોત્ર એટલે એક સીધો સાદો હવન કે જેનાથી વધુ અનાજનું ઉત્પાદન અને ઘર-ખેતરમાંથી વાયરસ મુકત વાતાવરણ અને વાતાવરણનું શુદ્ધિ કરણ થાય છે.
- અગ્નિહોત્ર એટલે સ્થાનિક સુર્યોદય અને સુર્યાસ્ત સમયે ત્રાંબા અથવા માટીના પાત્રમાં ગાયના છાણાં દ્વારા પ્રજવલિત અગ્નિમાં બે ચપટી આખા ચોખા સાથે ૮ થી ૧૦ ટીપાં દેશી ગાયનું ઘી મીક્સ કરી બે વખત મંત્રોચ્ચાર સાથે ભગવાન સુર્યનારાયણને બે આહુતિ સવારે પુર્વ દિશામાં અને બે આહુતિ સાંજે પશ્ચિમ દિશામાં આપવી આને અગ્નિહોત્ર કહેવાય છે. અગ્રિહોત્ર માટે સુર્યોદય અને સુર્યાસ્તના શ્લોક અહિં નીચે આપવામાં આવેલ છે.
- દુનીયાના લાખો માણસો અગ્નિહોત્રના અનુભુતિથી માનસિક શાંતિ મેળવે છે. અગ્નિહોત્ર થકી સારા વિચારો વધે છે તેમજ શારીરિક તંદુરસ્તીમાં સુધારો થાય છે.
- અગ્નિહોત્રથી કોઈપણ પાક, વનસ્પતિ કે છોડને ઉર્જ મળે છે અને બીનજરૂરી જીવાણુંનો નાશ થાય છે. અગ્નિહોત્ર ભસ્મનો પણ ફાયદાકારક ઉપયોગ થાય છે.
- સુર્યાસ્ત સમયે વાતાવરણમાં વિશેષ નકારાત્મક ઉર્જ હોય છે એમાંથી બચવા માટે અગ્નિહોત્ર જરૂરી છે.

જીવામૃત ખાતર

એક દેશી ગાય ૩૦ વિઘામાં શું ચમત્કાર કરે છે?

પાણી	દેશી ગાયનું તાજું છાણ	દેશી ગાયનું ગૌમુત્ર	ચણાનો લોટ અથવા મગફળી નો ખોળ	દેશી ગોળ	વડ નીચેની માટી
૨૦૦ લીટર	૧૦ કિલો	૫ લીટર	૫૦૦ ગ્રામ	૫૦૦ ગ્રામ	૧ મુઠ્ઠી
	નાઈટ્રોજન, પોટાશ, ફોસ્ફરસ, કેલ્શીયમ, મેગ્નેશીયમ, ગંધક, લોહ, મૅંગેનીઝ, જસત, તાંબુ, બોરોન, મોલીબ્લેડમ	નાઈટ્રોજન, સલ્ફર, કોપર, આર્યન,ચુરિક, ફોસ્ફેટ, સોડીયમ, પોટેશીયમ, મૅંગેનીજ, કાર્બન, એસીડ, કેલ્શીયમ, નમક, અન્ય મીનરલ્સ, વીટામીન - એ,બી,સી,ડી, લેકટોજ, એન્જાઈમ્સ, પાણી, હીપ્યુરીક એસીડ, ક્રિયાટીનીન, હાઈડ્રોકસાઈડ.	પ્રોટીન અને ફાઈબર	શુકોશ અન અસંખ્ય બેકટીરિઆ	અસંખ્ય બેકટીરિઆ

ઉપરોકત બધી વસ્તુ ૨૦૦ લીટર પાણીમાં નાખી ૭ દિવસ સુધી ૫ મીનીટ હલાવવું. પછી ઘોરીયામાં પાણી વાટે આપી દેવું.અથવા ગાળીને છંટકાવ કરવો જેથી ફળદ્રુપતા વધુ આપે દર ૧૫ દિવસે આપવું.

ઘનજીવામૃત

સજીવ ખેતી ઘનજીવામૃત બનાવવાની રીત(એક એકર જમીન માટે):- ગાય બળદનું છાણ ૧૦૦ કિલો(૫ થી ૬ મોટા તગારા), ગોળ અથવા સડી ગયેલ ગોળની રબડી ૨ કિલો, કઠોળનો લોટ(ચણાનો અથવા એરંડાનો ખોળ ૨ કિલો),ગૌમુત્ર ૫ થી ૬ લીટર,માટી ૧ મુઠ્ઠી (પ્રથમ વડ નીચેની અથવા શેઢા પાળાની માટી)

ઉપરોક્ત બધી વસ્તુઓ મીક્સ કરી છાયમાં પાથરી સુકવી નાખવી.સુકાઈ ગયા બાદ ખાંડીને કોથળી ભરી દેવી. પાણી ન નાખવું,વાવેતર કરો ત્યારે તેને એક એકર જમીન વિસ્તારમાં દરેક ચાસે છાંટી દેવું.

પંચગવ્ય

૧ કીલો ગોબર, ૩ લીટર ગૌમુત્ર, ૫૦૦ ગ્રામ ગાયનું ઘી,૨ લીટર ગાયનું દુધ, ૨ કિલો દહીં, ૩ લીટર નાળીયેરનું પાણી, ૩ લીટર શેરડીનો રસ અથવા ૫૦૦ ગ્રામ દેશી ગોળ, ૧૨ નંગ કેળા.

ઉપરોક્ત તમામ વસ્તુ મિશ્રિત કરી ૨ દિવસ સુધી ઘડીયાળનાં કાંટાની દિશામાં રોજ ૫ મીનીટ હલાવવું. ૨૧ દિવસ બાદ ૧૫ લીટર પાણીમાં પંપમાં ફક્ત ૩૦૦મી.લી. ઉમેરી પાક ઉપર છંટકાવ કરશો,દર ૧૫ દિવસે આપવું,અદ્‌ભુત પરિણામ મળશે.

ગાયના શીંગ ખાતર

ગાય કે બળદના શીંગથી માર્ચ માસના પ્રારંભે અને ઓગસ્ટ માસના પ્રારંભે આ ખાતર બનાવી શકાય છે. શીંગ ખાતર બે પ્રકારના બનાવી શકાય છે. ગાયના છાણને ગૌમુત્રમાં મસળી,આખું શીંગ છાણથી દબાવીને ભરી દેવાનું,બીજી રીતમાં કોઈ એક કઠોળનો લોટ અને છાણ સરખા ભાગે લઈ અને ગૌમુત્રમાં બરાબર મસળી શીંગ ભરી દેવાનું. શીંગનું મોઢુ પ્લાસ્ટીક કે કપડાથી બાંધી દેવાનું. એક કરતા વધુ શીંગ ભરી શકાય છે.પછી જમીનમાં ત્રણ ફુટ ઉંડા ખાડામાં શીંગની અણી ઉપર રહે એ પ્રમાણે શીંગ ગોઠવી માટી પુરી દેવાની અને ખાડામાં બે માસ કાયમી ભેજ જાળવવો. બે માસ પછી શીંગને બહાર કાઢી ખાતર કાચ કે ચીનાઈ માટીની બરણીમાં ભરી કાયમી છાંયે ઠંડી જગ્યામાં રાખવું. જો તાપ લાગશે તો બેક્ટીરિઆ મરી જશે.શીંગ ખાતર વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ જૈવીક ખાતર છે. ચોમાસુ, શીયાળુ કે ઉનાળુ પાકમાં ભીની જમીન હોય ત્યારે એકરે ૨૫ ગ્રામ ખાતર ૧૦૦ લીટર પાણીમાં નાખી બંને દિશામાં ૧૦-૧૦ મીનીટ હલાવવાથી બેક્ટીરિઆ સક્રિય બની જાય છે. ત્યારપછી આ પાણીને સવારે કે સાંજે ખેતરમાં છાંટી-દેવાનું.એકરમાં માત્ર ૨૫ ગ્રામ ખાતર આપવાથી ચમત્કારિક પરિણામ મળતું હોય તેવું આ એક માત્ર શ્રેષ્ઠ ખાતર છે. શીંગમાં કાંણા ન પડે ત્યાં સુધી ફરીને ઉપયોગ કરી શકાય.

ગાય - બળદને સમાધી દ્વારા સેન્દ્રીય ખાતર

આજે આપણી ગાયો એ જીંદગી આખી આપણને દુધ આપેલ,જીંદગીભર ખાતર આપેલ, જયારે મરી જાય છે એટલે આપણેતેને ચમાર ને આપી દઈએ છીએ,એટલે તેને કાપી નાખે છે તેના માંસનો ખાવામાં ઉપયોગ થાય છે.તેના અવશેષો જયાં ત્યાંરખડે છે.તેના કરતા જો આપણે તેને આપણા ખેતરમાં શેઢે ખાડો કરી તેમને સમાધિ આપી તેનો ખાતર તરીકે ઉપયોગ કરીએ તો આ ખાતર ખાતર ની અસર આપના ખેતરમાં ૨૦ વર્ષ સુધી રહેશે(ત્યાં આવતા દીવસોમાં બીજી ગાયો અથવા બળદ મરી જશે એટલે તમારા ખેતરમાં કાયમ બેક્ટીરીઆ,અળસીયા,જીવીત રહેશે.) સમાધિ ખાતરમાં પુષ્કળ પ્રમાણમાં નાઈટ્રોજન, પોટાશ,કેલ્શીયમ,લોહતત્વ,કાર્બન,જેવા જમીનને ૨૪ પ્રકારના તત્વો અને પદાર્થો રહેલ છે. વનસ્પતિના રક્ષણ પોષણ,અને વિકાસ માટેના ઉતમ પ્રકારનું ઉર્લરક છે,ખાતર છે,ઉપરોક્ત ખાતર પાંચ વિઘા જમીનમાં પુરતું થઈ રહેશે.

❖ ગૌમુત્ર ❖

પ્લાસ્ટીકના કેરબામાં ભરી રાખવાનું જેટલું જૂનુ એટલુ સારૂ. છોડ ૨૫ દિવસનો થાય એટલે દર ૧૫ દિવસે છંટકાવ કરે છે.અને છોડની વૃદ્ધિ કરવાની શકિત છે.૧ પંપમાં ૨૫૦ મીલી ૧૫ લીટર પાણીમાં નાખી છંડકાવ કરવો. (કપાસના છોડ ઉપર ૧૫૦ મીલી ગૌમુત્ર નાખીને છંટકાવ કરવો.)

❖ લીમડો ❖

૨૦૦ લીટર પાણીમાં ૧૫ કિલો લીમડાના પાંદ અને કુણી ડાળીઓ નાખીને ૧૫ દિવસ રાખવાનું છે અને ગાળીને છોડ ઉપર છંટકાવ કરવો.

❖ કીટ નિયંત્રણ ❖

૧૦ લીટર ગૌમુત્રમાં ૨ કિલો લીમડો નાખી ૧૦ થી ૧૫ દિવસ રાખીને તૈયાર થાય એટલે ગાળીને કેરબામાં ભરી લેવું.૧૫ લીટર પાણીમાં ૧૫૦ થી ૨૫૦ મીલી નાખીને છંટકાવ કરવો. ઈયળના ઈંડાનો નાશ કરે છે.

❖ છાશ ❖

તાજી છાસ ૫૦૦ મીલી ૧ પંપમાં નાખીને છંટકાવ કરવાથી છોડ સ્વસ્થ થાય છે.અને ફળ,ફુલ વધુ આવે છે. કપાસના દોરા મજબુત થાય છે. કપાસનાં જીંડવા વજનવાળા થાય છે.

❖ વાસી છાશ ❖

ગાયના દુધમાંથી બનાવેલ ૨૫ દિવસની વાસી છાશ ૧ પંપમાં ૨૫૦ (૧ ગ્લાસ) નાખીને છંટકાવ કરવાથી ઈયળોનું નિયંત્રણ થાય છે.

❖ ખાસ નોંધ ❖

૧) છાસના છંટકાવથી ફળના આકારમાં ૨૫% વૃદ્ધિ.
૨) દાણા ચમકિલા,રંગ ઘેરો થાય
૩) ઉપજ ૨૫% સુધી વધુ મળે.
૪) કેરી-સંતરામાં મીઠાશ વૃદ્ધિ.
૫) ટમેટામાં સડવાનું પ્રમાણ નહીવત.
૬) પરજીવી અને પરભક્ષી જીવાતની વૃધ્ધિ થાય છે.છાસથી છોડને કેલ્શીયમ અને વૃદ્ધિ કારક હોર્મોન્સ(સાયટો કાયનિન) મળે છે.
૭) ચણા,કપાસ,તુવેરમાં પડતી ઈયળો માટે ૫૦ દિવસ વાસી છાસનો ઉપયોગ કરવો

❖ દુધ કોઈપણ પાકમાં ૩૦ દિવસ પછી છંટકાવ કરવો ❖

મરચામાં કુકડ માટે દુધ ૫૦૦ મીલી ૧ પંપમાં નાખીને છંટકાવ કરવો.કપાસમાં છંટકાવ દર ૧૫ દિવસે કરવાથી ઉત્પાદન સારૂ મળે છે. વાયરસ કંટ્રોલ કરે છે.

❖ સોયાબીન ટોનીક ❖

ગ્રોથ પ્રમોટર માટે સોયાબીન ૧ કિલો 3 લીટર પાણી ૨૪ કલાક પલાળવા પછી ગ્રાઈન્ડરમાં પીસીને ૨૫૦ ગ્રામ ગોળ નાખીને માટલામાં ૫ દિવસ રાખવા. ગાળીને ૧ પંપમાં ૧/૨ લીટર પ્રવાહી નાખીને છંટકાવ કરવાનો છે. કોઈપણ પાકમાં ૩૦ દિવસ પછી છંટકાવ કરવો પછી ૪૫ અને ૬૦ દિવસે છંટકાવ કરવો. ફલાવરીંગ સમય ધ્યાનમાં રાખવો.

મરચા લસણ

તીખા મરચા ૫૦૦ ગ્રામ + લસણ ૫૦૦ ગ્રામ લસણની કળીને કેરોસીનમાં રાત્રે પલાળીને બીજા દિવસે ચટણી બનાવીને ૧૦૦ લીટર પાણીમાં નાખીને ખુબ જ હલાવવું. ડાયરેક્ટ પંમ્પમાં વાપરવાનું છે.ઈયળ લસણની વાસના કારણે બહાર આવશે અને મરચાને કારણે ઈયળ પડી જશે.

પાંચ પાંદનો ઉકાળો

લીમડો,આંકડો,સીતાફળ,ધતુરા અને કરંજ પાંચેય વસ્તુ ૫૦૦ ગ્રામ ટોટલ ૨.૫ કિલો લેવાનું ગૌમુત્ર ૫ લીટર + પાણી ૧૨ લીટરમાં નાખી પાંચ દિવસ રાખવાનું છે. ત્યારબાદ ઉકાળીને રાખવું. ૧ પંમ્પમાં ૧૫૦ થી ૨૦૦ મીલી નાખીને છોડ ૩૦ દિવસ નો થાય ત્યારે જરૂર પડે ૧૫ દિવસ પછી છંટકાવ કરવો,રસ ચુસવાવાળી જીવાત ઈયળોની શરૂઆત થતી નથી અને નિયંત્રણ થાય છે.

બીજામૃત

૧ કિલો તાજુ છાણ + ૧ લીટર ગૌમુત્ર,૧૦૦ મીલી ગાયનું દુધ, ચુનો ૫૦ ગ્રામ, ૧ મુઠ્ઠી વડ નીચેની માટી, પાણી ૧૦ લીટર, ૧ માટલામાં ૨ દિવસ રાખવું અને ત્યારબાદ બીજને પટ આપવું અને છાંયામાં સુકવવાના છે.બીજનો ઉગાવો સારો મળે છે,રોગ પ્રતિકારક શક્તિ વધે છે,ફુગનાશક છે.

નિંદામણ દુર કરવા માટે

ગૌમુત્ર ૧૦ લીટર, છાણ ૧ કીલો, ગોળ ૨૫૦ ગ્રામ મીશ્રણ કરીને ૧ પંપમાં નાખી ૪૮ કલાક પછી પંપથી સીધો છંટકાવ કરવાથી નિંદામણ નાશક બને છે.

ગાય આધારીત ખેતી

૦% ખર્ચ ઉતમ ગુણવતા, ડબલ ઉત્પાદન, ડબલ ભાવ, ઓછા વરસાદે વધુ પાક લઈ થઈએ માલામાલ

નામ :- ચંદુભાઈ એલ. બારૈયા
મો.:-૯૭૨૩૪ ૮૨૬૫૯
ગામ :- પીપરલા, તા. તળાજા, જી.ભાવનગર

સિધ્ધી :- જયા વિઘે માત્ર ૨૫ મણ કપાસ થાય છે,તેવી જમીનમાં રાસાયણીક ખાતર તથા દવા વગર, ઓછી મહેનતે ૦% ખર્ચે માત્ર ગાય આધારીત ખેતીથી એક વિઘાનો ૭૧ મણ કપાસ એક સીઝનમાં મેળવ્યો. એક વિઘામાં ૧૦૦ મણ ઘઉં તથા ડુંગળી, કેળ, મગફળી વગેરેમાં ડબલ થી ત્રણ ગણું ઉત્પાદન મેળવ્યું.

ગૌ આધારીત ખેતીના ફાયદા

(૧) ખર્ચ વગરાની ખેતી :-

રાસાયણીક ખાતર તથા જંતુનાશક દવાની ક્યારેય જરૂરીયાત ન પડી હોવાથી લાખોના ખર્ચાની બચત

(૨) ઉત્પાદનમાં વધારો :-

ગૌ આધારીત ખેતીથી ઉત્પાદન બે થી વધુ ગણુ આવે છે.

(૩) પાકની ગુણવત્તામાં સુધારો :-

પાકમાં છોડ-ફળની તંદુરસ્તી, કુણપ, ગુણવત્તા, જદ, વજન, મીઠાશ તથા સુગંધમાં કુદરતી વધારો થાય છે.

(૪) વધારે ભાવ :-

સંપુર્ણ ગૌ-આધારીત ખેતી જૈવિક (ઓર્ગેનિક) હોવાથી ભાવ ડબલ કે તેથી વધારે આવે છે.

(૫) સંપૂર્ણ ઉત્પાદન :-

ગૌ-આધારીત ખેતીમાં ૩૦ % પાણીની ઓછી જરૂર પડે છે. માટે કોઈ વર્ષ દુષ્કાળ, સવનવાળુ ચોમાસુ હોવુ અથવા કુવામાં પાણી ઓછુ હોય છતા પાક નિષ્ફળ જતો નથી.

(૬) મહેનત એકદમ ઓછી થઈ જાઈ છે :-

ગૌ-આધારીત ખેતી જેમ-જેમ જુની થતી જાય જેમ કે જે ખેતર ૩ વર્ષથી વધારે ગાય આધારીત ખેતી થતી જાય તેમ તેમ જમીન એટલી સક્ષમ બની જાય છે. કે રોગ આવવાની શકયતા બીલ્કુલ ઓછી થઈ જાય છે. તથા ગૌ-આધારીત ખેતીમાં જીવામૃત પાણીમાં આપવાનું હોવાથી આપોઆપ છેક છોડ સુધી ખાતર પણ મણ મળી જાય છે. ત્યા જેમ આલાદા બાધા સેવા સંસ્થામાં (જામનગર) ગૌ-આધારિત પધ્ધતીઓ તેને કોઈપણ દવા આપવી પડતી નથી છતા પાકમાં મબલક ગુણવત્તાસભર પાક થાય છે.

(૭) પાક વિરૂધ્ધની જમીનની અસર નડતી નથી :-

કોઈ-કોઈ પાક અમુક પ્રકારની જમીનમાં જ સારો થતો હોય છે. અથવા કોઈ જમીનમાં અમુક પાક જ સારો થતો હોય છે. પણ ગૌ-આધારીત ખેતીમાં જમીન થોડીક પાકથી વિપરીત હોય તો પણ તેની અસર પડતી નથી.

(૮) હવામાન (મોસમ) ની વિપરીત અસર સામે સુરક્ષીતા :-

દરેક પાક સીઝન પ્રમાણે જ સારા થતા હોય છે. દા.ત. શીયાળામાં ઠંડીથી કેળામાં ઉત્પાદન ઓછુ ઓવે છે. ઉનાળામાં શાકભાજી વગેરે ઓછુ થતુ હોય છે. ચેમાસામાં જેમ આવે છે. ચંદુભાઈ પીપલાણાનો અનુભવ અને શાકભાજી ઉનાળામાં પણ તંદુરસ્ત હોય છે. ગૌ-આધારીત ખેતી પાકને અનુકુળ રાખે છે.

(૯) ભયંકર રોગોમાંથી પુરા દેશને મૂક્તિ :-

ભારતમાં ૮૦% લોકો બીમાર છે. જેમણે ક્યારેય બીડી, તમાકુ, કોઈ વ્યસન ન હોય એવી સ્ત્રીઓને પણ કેન્સર થાય છે જે લોકો કોઈપણ બહારનું ખાતા નથી તેમને પણ ડાયાબીટીસ થાય છે તેનુ કારણ પેસ્ટીસાઈઝ દવાનું ઝેરથી ઉગાડેલ શાકભાજી તથા અનાજ, કઠોળ ખોરાક છે. આપણ આ રાક્ષસી પધ્ધતીને કારણે લાખો નીર્દોશ માનવી ડાયાબીટીશ, કેન્સર,કીડની ફેઈલ, સાધાના દુઃખાવા વગેરે કેટલાય અસાધ્ય રોગનાં ભરડામાં ધકેલાય છે. તેમાનાં કેટલાક મોંઘી વિદેશી દવાઓ ખાઈ કેટલોય ખર્ચ કર્યો પછી મોતનાં મુખમાં ધ્કેલાય છે માટે જો ભારતભરમાં મૃત્યુદર પણ ઘટી જાય.

(૧૦) આપણું ગૌ-ધન (ગો-માતા) બચી જાય :-

ગૌવંશને બચાવવા માટે લોકો કેટલાય પાંજરાપોળ ખોલ્યા, કેટલીય ગૌશાળા બની, લાખો લોકોએ દાન આપ્યા, લાખો લોકોએ સેવા કરી છતા પણ આજ સુધી આપણે સંપુર્ણ ગૌ-ધન બચાવવામાં ૧,૫૦,૦૦૦ ગૌ-વશં બેરહેમી પુર્વક કપાઈ જાય છે, જો ગૌ- આધારીત ખેતી થાય તો લોકોનો પુષ્કળ પાક વધે અને ફાઈદો થવાની ગૌ-મુત્ર, અને ગોબરની એટલી બધી ડીમાન્ડ (માંગ) વધે છે કે લોકો ગાય દુધ આપતી ના હોય અને બળદ ખેતી ન કરતો હોય તો પણ ગોબર-ગૌ-મુત્ર માટે ઘેરેથી છોડે નહી માટે ગાયને કોઈ દિવસ રોડ ઉપર રખડી કચરૂ ખાવુ નહી પડે તથા કતલખાને નહી જવુ પડે.

(૧૧) ગૌ આધારિત ખેતી કરવાથી જમીન ની અંદર :-

ઝેરી દવાથી મરી ને નાશ થઈગયેલ અળશીયા ફરી જીવીત થાય છે. અળશીયા કામ જમીનમાં ઉપર-નીચે થઈ જમીનને પોચુ કરવાનુ તથા જમીનમાં ખાતર બનાવવા નું કામ કરે છે. એટલે આપણ ખેતરની અંદર ઓટોમેટીક ખાતર બનાવવનુ કાયમ ને માટે શરુ થઈ જાય છે. આ ખાતર બનીને નું કામ અળશીયા ૨૪ કલાક કરે તથા કોઈ દિવસ રજા રાખતા નથી અને પગાર માગતા નથી

(૧૨) જમીનમા પાણીનો સંગ્રહ થાઈ છે. :-

ગૌ આધારિત ખેતી કરવાથી લાખો ની સંખ્યા માં અળશીયા ઉત્પન થાય છે. અળશીયા નું કામ જમીનને પોચી કરવાનું છે. જમીન પાચી થવાથી છોડને હવા મળે છે. તથા વરસાદનું પાણી ખેતર માથી પાણીવહી જમીને બદલે જમીન માં ઉતરે છે. તેથી લાખો લિટર પાણી નો જમીનમાં સગ્રહ થાય છે. જે આપણા પાણી ના તળાવની સપાટી ને ઉપર રાખેવા ખુબ ઉપયોગી થાય છે.

(૧૩) ડુક્કર આવતા નથી:-

ડુક્કર દરેક પાકને નુકસાન કરે છે. ગોબર ગાયની ખેતી થતી હોય ત્યા ડુક્કર આવતા નથી. ડુક્કર ગૌમુત્ર- ગોબર ની વાસથી દુર રહે છે.

ગૌમુત્ર દિવ્ય ઔષધિ

ગૌમુત્ર મહા ઔષધિ

ગાયના વિષયમાં મનુષ્ય કોઈપણ દ્રષ્ટિથી વિચાર કરે, ગાયનું દુધ, ઘી, દહી, છાશ, માખણ, મુત્ર કે છાણ સર્વે પદાર્થોની વૈદકશાસ્ત્રનાં આધારે એટલી બધી ઉપયોગીતા દેખાય છે કે જો લખવા બેસુ તો એક મહાભારત રચાય જાય. ગાયની પ્રત્યેક વસ્તુ પવિત્ર છે. એટલે જ જન્મદાત્રી માતા કરતા પણ ગાયમાતા વધુ ગૌરવશાળી ગણાય છે. જન્મદાત્રીમાં એક કે બે વર્ષ દુધ પીવડાવી સંતાન પાસે જીવનભર સેવાની આપેક્ષા રાખે છે. જયારે ગાયમાતા માત્ર ઘાસચારો ખાઈને જીવનભર દુધ તો પીવડાવે જ છે સાથે-સાથે ગૌમુત્ર જેવી મહા ઔષધિ પણ આપે છે. ગાયનાં રક્તમાં પ્રાણશક્તિ હોય છે અને ગૌમુત્ર એ રક્તનો કિડની દ્વારા ગળાયેલ ભાગ છે. અને ગાયનાં રક્તમાં જે પણ તત્વ હોય છે તે તમામ તત્વ ગૌમુત્રમાં પણ હોય છે. ગૌમુત્ર સરળતાથી ઉપલબ્ધ હાથવગુ અને લગભગ વિનામુલ્યે મળે છે. પણ તેનાં દિવ્યગુણથી લોકો અજાણ હોવાના કારણે મોટાભાગે તે વેડફાય જાય છે. અને પછી માંદગી નિવારણ માટે એક દવાખાનેથી બીજા દવાખાને આમતેમ દોડે છે. આપણો ધાર્મીક ક્રિયાકાંડોમાં નાની મોટી શુધ્ધીકરણની ક્રિયાઓ માટે ગૌમુત્ર અને ગૌગોબર નો ઉપયોગ થાય છે. પવીત્ર શ્રાવણ માસમાં ગૌમુત્રનું પાન કરવાનો પુર્વ નિર્દેશ કરેલો છે. વરસાદ પછી હવામાનમાં રહેલા ભેજ થી જેમ વાતાવરણમાં જંતુ પેદા થાય છે તે જ રીતે આપણી શારીરિક પાચનક્રિયા પણ ભેજ વાળા વાતાવરણમાં મંદ પડી જાય છે. અને ખોરાકનો સડો થઈ જતા નાના મોટા પ્રકારનાં જંતુઓ નો જન્મ થાય છે અને માણસ પણ મંદ પડી જાય છે. માણસની જીવનશક્તિ પણ ઘટી જાય છે. પછીથી થોડોક તડકો પડે અને ભાદરવા માસમાં મંદ થયેલા જઠરાગ્નિનાં કારણે સંગ્રહાયેલા સડાથી નાના મોટા પ્રકારનાં વિનાષક તત્વો તેનો પ્રભાવ બતાવવા લાગે છે જે માણસને માંદગીનાં બિછાન લઈ જાય છે, વધુમાં મેલેરીયા પણ આવી પડે છે આવા રોગજન્ય હવામાનથી બચવા માટે રોગ આવે તે પહેલા જ આપણા શારીરિક દોષો દુર કરવા માટે આરોગ્ય શાસ્ત્રમાં શ્રાવણ માસમાં જ ગૌમૂત્ર પીવાની ભલામણ કરવામાં આવેલી છે.

આધુનિક રસાયણશાસ્ત્રના મતાનુસાર ગૌમૂત્રમાં નાઈટ્રોજન, સલ્ફર, એમોનિયા, કોપર, આર્યન, યુરિયા, યુરિક એસિક, ફોસ્ફેટ, સોડિયમ, પોટેશિયમ, મેગ્નેનિઝ, કાર્બોલિક એસિડ, કેલ્શિયમ, સોલ્ટ વિટામીન એ-બી-સી-ડી-ઈ, ખનિજ, લેક્ટોજ દુગ્ધશર્કરા, એન્જાઈમ્સ, જળ, હિપ્યુસ્કિ એસિડ, ક્રિયાટિનીન તથા સ્વર્ણક્ષાર હોય છે. જે મૂત્રલ, રક્તશોધક રક્તવિષતાને બહાર નિકાળનાર, મોટા આંતરડાની પુરા સરળ ક્રિયા બળવર્ધક શરીરની ધાતુઓ તથા રક્ત સંગઠનને સ્થિરતા બક્ષનાર, અનાવશ્યક ચરબી વધતી અટકાવનાર, રક્તમાં ઉચિત લાલકણનું નિર્માણ, મુત્ર ઉત્સર્ગ પ્રભાવકારી કિટાણુનાશક, હૃદય શૌફ નાશક, વિષશોધક, મુત્રવાહી સંસ્થાન માંથી પથરી બહાર કાઢવામાં સહાયક, રકતશોધક, અમ્લતાનાશક, આમવતનાશક, કિટાણુનાશક, કિટાણુ બનતા અટકાવનાર, ગૈગરીન સડાથી બચાવનાર, ક્ષુધાકારક, માંસપેસીનુ દૌંબલ્ય મટાડનાર, આળસ ભગાવનાર, અસ્થિપોષક, જંતુરક્ત સ્ફંદક જીવનીય તત્વ આપી ઉત્સાહ સ્ફૂતિવર્ધક, ગભરામણ-તૃષાથી બચાવનાર, પ્રજનન શક્તિ દાતા, રોગપ્રતિરોધ શક્તિવર્ધક, તૃપ્તિવર્ધક, હૃદયને તાકાત આપનાર સ્વસ્થતા બક્ષનાર આરોગ્યકારક તત્વ પાચકરસ બનાવરનાર, રક્તને તરલતા બક્ષનાર, તાપમાન સ્થિર રાખનાર છે. ગાયમાતાની વિશેષતા એ છે કે કદાચ ગાયને ખાવામાં કોઈ વિષેલો હાનિકારક પદાર્થ આવી જાયતો પણ ગાય તેનાં માંસમાં શોષી લે છે અને તેને ગૌમૂત્ર કે ગોબરમાં ઉત્સર્જન કરતી નથી. આર્યુવેદ અનુસાર ગૌમૂત્રમાં કટુ, ત્કિત કષાય મધૂર અને લવણ રસ છે. આમ પંચરસયુક્ત છે. ગુણમાં પવિત્ર વિષનાષક જીવાણુનાશક ત્રિદોષનાશક તાંત્રિક મેધાશક્તિ વર્ધક, એકલુ જ પીવાથી જ રોગનાશક છે. ઉષ્ણ વીર્ય અને વિપાકમાં કટુ છે. પ્રભાવમાં કામિક માનસિક સર્વરોગનાશક છે. યોગીઓનુ દિવ્યપાન છે ત્વગુણ યુકત હોવાથી વિચારોમાં સાત્વિકતા લાવે છે.

ગૌમુત્રનું લગાતાર છ માસ સુધી સેવન કરવાથી પ્રકૃતિ ત્વગુણી બને છે. તે રજો-તમોગુણ નાશક છે અને શરીરસ્થ વિષને પણ પૂર્ણરૂપે પરસેવા, મુત્ર તથા મળ દ્વારા બહાર ફેંકી દે છે. આમ તે જંતુઘ્ન અને કૃમિઘ્ન હોવાથી રક્તનાં દોષોથી ઉત્પન્ન થનારા રોગથી પણ બચાવે છે. ગૌમૂત્રનું ઘર્ષણ સ્નાન તથા સવાર-સાંજ ૧૨-૧૨ ગ્રામ સેવન ખસ, ખરજવું, ઘાઘર, કોઢ જેવા અતિ ખરજ કરતા દર્દો મટાડે છે. તેમજ આજનાં યુગમાં એન્ટિસેપ્ટિ

તરીકે અપાતી કાર્બોલિક મિશ્રણ વાળી દવાઓ જેટલુ જ ઉપયોગી ગૌમૂત્ર સિધ્ધ થયેલ છે. મળદોષ દુર કરે છે. ભયંકર ઉદરરોગો, જળોદર, કફોદર યકૃતો દર તથા બુદ્રગુદોદર જેવા રોગો છે જેમાં અતિમંદ પાચનક્રિયાનાં કારણે હાથ પગ તથા મુખ પર સોજા આવી જાય છે, તેમાં ગૌમુત્ર અકસીર ઔષધ છે. ગૌમૂત્રમાં રહેલા ક્ષારતત્વો આંતરડાની કાર્યશિક્ત તીવ્ર બનાવી લીવર સાફ કરી પાચનશિક્ત વધારી દર્દીને નવી તાકાત અને સ્ફુર્તિ બક્ષે છે. ગૌમુત્રમાં રહેલા પેપસીન જેવા તત્વો મંદાગ્નિમાંથી મુક્તિ આપે છે. ગૌમુત્ર મળદોષ દુર કરી સડાને બહાર ધકેલી દઈ આંતરડાનાં સડા તથા ગેસ થી કાયમી રાહત આપે છે. ગૌમુત્રમાં પલાળેલી હરડે લેવાથી કમળો તથા પાંડુરોગ મટે છે. ગૌમુત્રનાં ક્ષાર તથા સેકેલા કડુનું ચુર્ણ મલેરીયા પછી વધી ગયેલી બરોળને મૂળ સ્થિતિમાં લાવે છે. ગૌમુત્રનો ક્ષારતત્વ મળાશયમાં ભરાયેલા રોગઉત્પાદક ઝેરોને બહાર ધકેલી દઈ જુદા જુદા એસિડના સંગ્રહથી પેદા થતી વાત જ વ્યાધીઓ અને સાંધાનાં દુઃખાવા તથા સોજાને રાહત આપે છે. પ્રસુતિ પછી ગર્ભાશયમાં થતી નાની મોટી ગાંઠો ઓગળી જાય છે. કરિયાતાનાં ઉકાળા સાથે ગૌમુત્ર પીવાથી ઝીણો તાવ, લીવરનો સોજો, રકતતાલ્પતા જેવા રોગોમાં રાહત મળે છે, શકિત વધે છે તેમજ પાચનક્રિયા સતેજ બને છે. ગૌમુત્ર નો ક્ષાર ગરમ ઘી સાથે પીવાથી મળદોષ દુર થાય છે. અને આંતરાડામાં જમા થયેલી ચીકાશો જુદી પડી જતા આ ચિકાશ થી થયેલ જળદરમાં રાહત મળે છે. ગૌમુત્રમાં સાકર નાખીને પીવાથી કબજીયાતથી મુક્તિ મળે છે. મીઠિઆવળનાં ચુર્ણને ગૌમુત્રની ભાવના આપી તેનુ વૈદ્યની સલાહ અનુસાર સેવન કરવાથી રકતદોષ દુર થતા ગડગુમડ જેવી ચામડીનાં વિકારોની કાયમી વ્યાધીમાંથી મુક્તિ મળે છે.

નાના બાળકોને કફ સંગ્રહનાં પરિણામે અવારનવાર થતી સસણી તથા વરાધ જેવી ફરિયાદોમાં ગૌમુત્રમાં થોડીક હળદર નાખી પીવડાવવાથી કફ પાકી છુટો પડી જતા બાળકોને આરામ થાય છે.

ગર્ણશૂલ-કાનમાં ચસ્કા ઉપડવાની ફરિયાદમાં કાનમાં ગૌમૂત્રનાં બે ટીપા પાડવાથી દુર થાય છે. કાનનો દુખાવો દુર ભાગે છે. હરતાલ બાવચી અને માનકાંગણી ને ગૌમૂત્રમાં એક દિવસ ભીંજવી બીજા દિવસે સારી રીતે લટ્ટી સોગટ્ટી બનાવી તેને લીંબુના રસમાં ચોપડવાથી કરોળીયાનાં ડાઘા દુર થાય છે. ગૌમુત્ર સાથે હરડે પીવાથી તથા હરડેનાં ચુર્ણ સાથે મંડુર કે લોહભસ્મ ગૌમુત્રમાં ભેળવીને પીવાથી પાંડુરોગનાં દર્દીને ફાયદો થાય છે. મેદવાળા દર્દીને ગૌમુત્રનુ સેવન ઝડપથી મેદ તોડે છે. ચરબી ઘટે છે. પંચગવ્યથી સિધ્ધ કરેલુ ઘી આંતરડામાં પેદા થયેલા જીવડાઓનો નાશ કરે છે. જ્ઞાનતંતુઓને ઉહકેરનારા ઝેરોની તાકાત નબળી પડે છે, જેના પરિણામ સ્વરૂપ હિસ્ટિરિયા-વાંઇ તથા અપસ્મારનાં દર્દીને રાહત પહોચે છે. આમ સહજ રીતે મળી રહેતુ ગૌમુત્ર મહોષધિ સિધ્ધ થાય છે. ગૌમુત્ર જેટલુ જુનુ તેટલુ અધીક ગુણકારી હોય છે. તે સડતુ નથી ગૌમુત્રમાં રહેલુ તામ્ર તથા સ્વર્ણક્ષાર પૈકી સ્વર્ણ રસાયણ છે જે સર્વરોગનાશક શકિત ધરાવતું વિષનાષક હોવાથી જ સ્વર્ણ મુદ્રિકા પહેરવાનું શાસ્ત્રમાં વિધાન છે. તાંબાનાં વાસણનું પાણી પીવાનું પણધાન છે તે પણ તેના ગુણનાં કારણે જ છે. ગૌમુત્ર શરીર તથા મન બંનેને શુધ્ધ કરતુ હોવાથી માનસીક કલેશ દુર થાય છે. ગૌમુત્ર ઔષધિનું શાસ્ત્રીય સેવન મનને પ્રસન્ન રાખે છે અને શરીરનાં રોગોથી પણ બચાવે છે. ગૌમુત્ર રાખવા માટેનું પાત્ર તથા માત્રા માટે વૈદ્યની સલાહ અવશ્ય લેવી.

ચેતવણી :-

ક્ષય જેવા મેદની જરૂરિયાતવાળા દર્દી ગૌમુત્રનું સેવન ન કરે અન્યથા ધાતુઓ ગળી નુકશાન થશે.

નોંધ :-

વનમાં વિચરણ કરી ઇચ્છાનુસાર ઘાસ તથા સ્વચ્છ પાણી પીનાર ગાયનું મૂત્ર વિશેષ ઔષધીય ગુણ ધરાવે છે.

ગાય આધારીત ખેતી વિશે વધુ માહિતી માટે

ચદુભાઇ બારૈયા મો. ૯૭૨૩૪ ૮૨૬૫૯
શ્રી પ્રફુલભાઇ સેજલીયા મો. ૯૪૨૬૪ ૫૭૩૨૪
લાલજીભાઇ સાવલિયા મો. ૯૬૩૮૦૦૦૦૬૬
ભરતભાઇ પરસાણા મો. ૯૭૨૬૩ ૯૯૬૯૯